**સુવિચાર**
દરેક માનવીના જીવનમાં કેટલીક એવી પળો આવે છે જે ખૂબ નિર્ણાયક હોય છે. એને સુધારી લેવાથી ભાગ્ય બની જાય છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૯/૦૫/૨૦૨૩, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ વૈશાખ વદ–અમાસ વર્ષ : ૧૫ અંક : ૧૩૨

## શેલણા ગામ નજીક વેગન આર કાર અને જેસીબી વચ્ચે સર્જાયો અકસ્માત

# સાવરકુંડલાનાં પૂર્વ ધારાસભ્ય વી.વી. વઘાસિયાનું માર્ગ અકસ્માતમાં મોત

**ઠવી ગામ નજીક આવેલ વાડીએથી પરત આવતા તેઓનો માર્ગ અકસ્માત થયો**

**૧૦૮ દ્વારા તેઓને સાવરકુંડલાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા**

**ફરજ પરનાં તબીબે તેઓને મૃત જાહેર કરતાં સમગ્ર પંથકમાં શોકનો માહોલ**

**બનાવની જાણ થતાં ભાજપનાં કાર્યકર્તાઓ અને શુભેચ્છકો હોસ્પિટલે દોડી ગયા**







અમરેલી, તા. ૧૮

સાવરકુંડલાનાં પૂર્વ ધારાસભ્ય અને રાજયની ભાજપ સરકારનાં પૂર્વ કૃષિમંત્રી વી.વી. વઘાસિયાનું મોડી સાંજે માર્ગ અકસ્માતમાં નિધન થતાં સમગ્ર પંથકમાં શોકનો માહોલ છવાયો છે અને સમગ્ર પંથકે એક ખેડૂત નેતાને ગુમાવી દીધા છે.

સમગ્ર પંથકમાં શોકનો માહોલ ઉભો કરતી ઘટનાની વિગત એવા પ્રકારની છે કે, સાવરકુંડલાનાં પૂર્વ ધારાસભ્ય વી.વી. વઘાસિયા મોડી સાંજે તેમની ઠવી ગામ નજીક આવેલ વાડીએથી વેગન આર કારમાં પરત ફરતા હોય તે દરમિયાન શેલણા ગામ નજીક સામેથી આવે રહેલ જેસીબ સાથે અથડાતા તેઓને ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ની મદદથી તેઓને સાવરકુંડલાનાં સરકારી દવાખાને ખસેડવામાં આવેલ જયાં ફરજ પરનાં તબીબે તેઓને મૃત જાહેર કર્યા હતા.

બનાવની જાણ થતાં ભાજપનાં કાર્યકરો, તેમના શુભેચ્છકો મોટી સંખ્યામાં હોસ્પિટલે દોડી ગયા હતા. સમગ્ર બનાવને લઈને જિલ્લાનાં રાજકીય કાર્યકરોમાં શોક છવાયો છે.

## પોલીસ અધિક્ષકની સુચનાથી સાવરકુંડલા તાલુકા પોલીસની કામગીરી

# સાવરકુંડલા–મહુવા માર્ગ પર ઈકો ગાડીમાં બેસેલ મુસાફરોનાં થેલામાંથી ચોરી કરનાર ઝડપાયા

અમરેલી, તા. ૧૮

સાવરકુંડલા–મહુવા માર્ગ પર આવેલ ખાંભા ટી પોઈન્ટથી પ્રાઈવેટ ઈકો ગાડીમાં બેસી મુસાફરી કરનારનાં થેલામાંથી સોના–ચાંદીના દાગીનાની ચોરી કરી નાસી જનાર પતિ–પત્નીને એસપીની સુચનાથી સાવરકુંડલા રૂરલ પોલીસ ધ્વારા ઝડપી લેવામાં આવેલ છે.



ઝડપાયેલ આરોપી બચુભાઈ દુલાભાઈ અને બાનાબેન બચુભાઈ રે. મફતીયાપરા–અમરેલી વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ કામગીરી ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર જે.કે. મોરી તથા પોલીસ સબ ઈન્સ્પેકટર વાય.પી. ગોહિલની રાહબરી હેઠળ સર્વેલન્સ ટીમના અના હેડ કોન્સ્ટેબલ યુવરાજસિંહ સરવૈયા તથા મહમદહુસેન મકવાણા તથા પીસી કુલદિપસિંહ જાડેજા તથા જયપાલસિંહ ગોહિલ તથા ભાવેશભાઈ ગઢવી તથા ડબલ્યુપીસી રૂકસાદબેન કુરેશી ધ્વારા કરવામાં આવેલ છે.

## જવાબદાર એજન્સીની બેદરકારી સામે તંત્રનું અકળમૌન

# બાબરા : ચરખા–રાયપર માર્ગનું કામ છેલ્લા ૨ વર્ષથી બંધ રહેતા વાહનચાલકોમાં નારાજગી

**અકસ્માત થવાની ભીતિ હોવાથી ઝડપથી કામ શરૂ થાય તે જરૂરી**




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૮

બાબરા તાલુકાનાં ચરખા–રાયપર માર્ગમાં છેલ્લા બે વર્ષથી કપચી પાથરી માર્ગનું કામ કોઈ કારણોસર બંધ કરી દેવામાં આવતા

અનુસંધાન પાના ૬ ઉપર

## આકસ્મિક રીતે ત્રણેય યુવકોએ અંતિમવાટ પકડી

# અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં હેમાળ, કુતાણા તથા નાગધ્રા ગામનાં યુવકોનાં મોત

**આશાસ્પદ ત્રણ યુવકોનાં અકાળે અવસાનથી શોક**

ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.

અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન અપમૃત્યુના ૩ બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. જેમાં હેમાળ, કુતાણા તથા નાગધ્રા ગામનાં ૩ યુવકોનો સમાવેશ થાય છે.

પ્રથમ બનાવમાં જાફરાબાદ તાલુકાનાં હેમાળ ગામે રહેતા ભાવેશભાઈ નકાભાઈ વાઘ નામનાં ૨૯ વર્ષિય યુવક તા. ૧૭નાં રોજ સવારે પોતાના હવાલાવાળા મોટર સાયકલ ઉપર ટીંબીથી હેમાળ ગામે જતા હતા ત્યારે છેલણા ગામ પાસે શિવ મંદિર નજીક આવતા મોટર સાયકલ સ્લીપ થઈ જતાં તેમને ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નિપજયાનું નાગેશ્રી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

બીજા બનાવમાં લીલીયા તાલુકાનાં કુતાણા ગામે રહેતા ભાવેશભાઈ પરશોતમભાઈ રાઠોડ નામનાં ૧૯ વર્ષિય યુવક તા. ૧૭નાં રોજ બપોરે કુતાણા ગામે પોતાના ઘરે

અનુસંધાન પાના ૬ ઉપર

શું આપને સાંભળવામાં અથવા સમજવામાં તકલીફ પડે છે ?
સર્વ શ્રેષ્ઠ કવોલીટી સર્વિસ તથા કિંમતની ખાત્રી

અમરેલી જિલ્લામાં આધુનિક ટેકનોલોજી દ્વારા સારવાર તથા તાજા જન્મેલા બાળકોથી લઈને ૧૦૦ વર્ષનાં વૃધ્ધ સુધીનું બહેરાશનું ટેસ્ટીંગ અલગ અલગ ડીઝીટલ મશીન દ્વારા તપાસ કરવામાં આવશે.
આ સેન્ટરમાં કોમ્પ્યુટરાઈઝ સ્પીચ થેરાપીની સુવિધા પણ મળશે.
કિલનીકની સેવાઓ :
▪ બહેરાશની તપાસ
▪ અંતઃકર્ણ કાનની નસોની તપાસ
▪ જન્મેલા બાળકનો BERA ટેસ્ટ
▪ કોકલીયર ઈમ્પ્લાન્ટ મેપિંગ
▪ સ્પીચ થેરાપી
▪ આર્ટિક્યુલેશન થેરાપી
▪ ફલ્યુઅન્સી થેરાપી
▪ સ્પીચ એન્ડ લેંગ્વેજ થેરાપી
▪ વોઈસ થેરાપી
▪ કોકલીયર ઈમ્પ્લાન્ટ વાળા બાળકો માટે AVT
ઉપરની તમામ સેવાઓ તથા અદ્યતન કંપનીઓનાં ડીજીટલ અને સેમીડીઝીટલ મશીનો પણ ઉપલબ્ધ છે
કવોલીફાઈડ ઓડિયોલોજિસ્ટ દ્વારા માર્ગદર્શન
શ્રીમતિ મીનાક્ષીબેન વિનયભાઈ વળિયા
ઓડિયોલોજી અને સ્પીચ થેરાપી કિલનીક
બહેરા મૂંગા શાળા, સાયન્સ કોલેજ પાસે, લાઠી રોડ, અમરેલી : મો.નં. ૯૪૨૭૭ ૬૦૦૦૪

## બગસરા નજીક આવેલ

# હાલરીયા ગામે બસ સ્ટેન્ડ પાસે ઉભેલા યુવકને ૩ શખ્સોએ કુહાડો મારી ઈજા કરી

**લોખંડનો પાઈપ હાથ ઉપર મારી છરી બતાવી**

અમરેલી, તા. ૧૮

બગસરા તાલુકાનાં હાલરીયા ગામે રહેતા તુષારભાઈ રમેશભાઈ આસોદરા નામના ૧૯ વર્ષિય યુવક ગત તા. ૧૬નાં રોજ રાત્રે બસ સ્ટેન્ડ ઉપર ઉભા હતા ત્યારે તે જ ગામે રહેતા અજયભાઈ મનુભાઈ ભાટકીયા, રાહુલ કાળુભાઈ ડેડાણીયા તથા મનુભાઈ ધીરૂભાઈ ભાટકીયાએ ત્યાં આવી અગાઉનાં મનદુઃખનાં કારણે ઝપાઝપી કરી કુહાડાનો ઘા કરી ઈજા કરી તથા લોખંડનો પાઈપ મારી તથા છરી લઈ મારવા દોડયાની ફરિયાદ બગસરા પોલીસમાં નોંધાઈ છે.

શ્રીજી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત
ગાયત્રી ગુરૂકૃપા શૈક્ષણિક સંકુલ
નવા અભ્યાસક્રમોનો પ્રારંભ
પ્રવેશ કાર્ય શરૂ છે.
✦ M.S.W. ✦ B.C.A. ✦ M.A.(Engalish)
ઉપર મુજબના નવા અભ્યાસક્રમ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી ૨૦% સ્કોલરશીપનો લાભ મેળવો
✦ B.A. ✦ B.COM. ✦ B.ed ✦ L.L.B
અમરેલી–લાઠી હાઈવે, મું.લાઠી,જી.અમરેલી
સંપર્ક મો.૭૫૭૫૮૦૭૩૫૧/૫૨/૫૩

## પાલિકાનાં ચીફ ઓફિસર દ્વારા છેલ્લા ૪ દિવસની મુદ્દત અપાઈ

# અમરેલીનાં દબાણકર્તાઓ સોમવાર સુધીમાં દબાણ હટાવી લે

**છેલ્લા એક અઠવાડીયાથી જાહેરાત છતાં હજુ અનેક દબાણકર્તાઓ ગંભીર બનતા નથી**

**મંગળવારથી દબાણકર્તાનાં ખર્ચે શહેરમાં દબાણ હટાવ ઝૂંબેશ શરૂ કરવામાં આવશે**

**દબાણકર્તાઓને ૪ દિવસ બાદ કોઈપણ પ્રકારનો સમય આપવામાં નહી આવે**

**પાલિકાનાં શાસકોએ દબાણ હટાવ ઝૂંબેશ માટે તમામ તૈયારીઓ શરૂ કરી હોય દબાણકર્તાઓમાં ફફડાટ**

અમરેલી, તા. ૧૮

અમરેલી પાલિકાનાં ચીફ ઓફિસરે શહેરનાં દબાણકર્તાઓને આગામી ૪ દિવસમાં સ્વૈચ્છાએ દબાણ હટાવી લેવાની તાકીદ કરી છે.

તેઓએ જાહેર અંતિમ નોટિસમાં જણાવેલ છે કે, અમરેલી નગરપાલિકા હદ વિસ્તારમાં અલગ અલગ મુખ્ય રાજમાર્ગો, અન્ય અંતરીક રસ્તાઓ તથા રસ્તા પૈકી જમીનો, ખુલ્લા સાર્વજનિક પ્લોટ કે અન્ય પ્લોટમાં દબાણકર્તાઓએ કરેલ ઓટલા, છાપરા, પગથીયા, કેબીનો, હોર્ડિંગબોર્ડ, સાઈનબોર્ડ વિગેરે દબાણો દુર કરવા માટે જાહેર નોટિસો, વર્તમાનપત્રો, માઈક દ્વારા તથા રૂબરૂ સુચના આપવામાં આવેલ છે. આમ છતાં બીનઅધિકૃત દબાણો દુર થયેલ ન હોય તેથી આ અંતિમ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે તમામ પ્રકારના અનઅધિકૃત દબાણો તા. ૨૨/૫/૨૦૨૩ સુધીમાં સ્વૈચ્છાએ દુર કરવા અન્યથા અમરેલી નગરપાલિકા અને વહીવટી તંત્ર તરફથી તા. ૨૩/૦૫/૨૦૨૩ થી દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન તમામ અનઅધિકૃત દબાણ જે તે ઈસમોના ખર્ચે, જોખમે અને જવાબદારીએ દબાણ દુર કરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામે ગંભીર નોંધ લેવા અંતમાં જણાવેલ છે.

---


### વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત

## સા.કુંડલાનાં લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરનાં કારણે દીકરીને નવજીવન મળ્યું : ચૌહાણ

**દર્દીનારાયણની અનેરી સેવાથી સૌ પ્રભાવિત**

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા શહેરમાં શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરની આરોગ્યલક્ષી નિઃશુલ્ક સેવા પ્રદાન કરવાના અભિગમથી દર્દીઓના પિતાના મુખમાંથી આવા સુખદ ઉદ્ગારો સરી પડતાં અનેક કિસ્સાઓ જોવા મળે છે. આમ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર એટલે ખરાં અર્થમાં દર્દીને નારાયણનું સ્વરૂપ સમજતું ભગવાન ધન્વંતરિના આદર્શ સાથે ચાલતું અનોખું આરોગ્ય ધામ



સાવરકુંડલા હેલ્થ ડિપાર્ટમેન્ટમાં કાર્યરત્ જાગૃતભાઈ ચૌહાણ જણાવે છે કે, ગઈકાલ મોડી રાત્રે મારી દીકરી ક્રીવા ચૌહાણ ખાટલા ઉપરથી પડી જતા માથાના પાછળના ભાગમાં ગંભીર ઈજા થતાં તાત્કાલિક ધોરણે શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે લઈ જતાં ત્યાંના ડોક્ટરો દ્વારા પરિસ્થિતિને સમજીને તાત્કાલિક માથાના ભાગે ટાંકા લઈ અને સીટી સ્કેન માટે અમરેલી મોકલી ખૂબ ઉમદા કામગીરી કરેલ. જે ખરેખર એક બાળકીનો જીવ બચાવેલ આ કામગીરી બદલ અમો શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના તમામ ડોકટરો તથા ટ્રસ્ટીઓ તથા તમામ કર્મચારીઓનો દિલથી આભાર માનીએ છીએ. વળી આ તમામ સારવાર એક પણ રૂપિયો ફી લીધા વગર, તમામ પ્રકારની સારવાર તદ્દન ફ્રી છે. અરે નવાઈની વાત એ છે કે, કેશ બારી જ નથી. આમ આવા અનેક દર્દીઓના સ્વજનોના અંતરના આશિષ શ્રી લલ્લુભાઈશેઠ આરોગ્ય મંદિરની તબીબી ટીમ, પેરામેડિકલ સ્ટાફ તથા આરોગ્ય મંદિર ખાતે ફરજ બજાવતા તમામ કર્મયોગીઓ તથા ટ્રસ્ટીઓને અવિરત પ્રાપ્ત થતાં જોવા મળે છે. આ સંસ્થામાં આપેલું અનુદાન સો ટકા દર્દીઓની ઉત્તમોત્તમ સારવાર અર્થે વપરાય છે જેનો આ બોલતો પુરાવો છે. શકય હોય તો એક વખત આ સંસ્થાની મુલાકાત લઈને પ્રત્યક્ષ પ્રમાણની અનુભૂતિ પણ કરવા જેવી ખરી.

---

### રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત

## જિલ્લા કક્ષાની ટોબેકો કંટ્રોલ સ્ટીયરીંગ કમિટીની બેઠક યોજાઈ

**૧૦ હજાર કરતાં વધુની દંડની રકમ વસૂલવામાં આવી**

અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કક્ષાની ટોબેકો કંટ્રોલ સ્ટીયરીંગ કમિટીની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ગત મીટિંગ કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી હતી. જિલ્લામાં તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩ અંતર્ગત કરવામાં આવેલ દંડાત્મક કાર્યવાહીના અહેવાલ પણ રજૂ કરવામાં આવ્યો હતો અને વિસ્તૃત ચર્ચા પણ કરવામાં આવી હતી. માર્ચ–૨૩માં જિલ્લા આરોગ્ય ખાતા દ્વારા તમાકુ નિયંત્રણ ધારાની કલમ–૪ અંતર્ગત ૧૦ કેસો નોંધવામાં આવ્યા હતા અને રૂા. ૪૬૦ દંડ વસૂલવામાં આવ્યો હતો. પોલીસ ખાતા દ્વારા ૪૦ કેસ, નગરપાલિકા દ્વારા ૮ કેસ નોંધવામાં આવ્યા હતા. કુલ મળીને રૂા.૧૦ હજાર કરતાં વધુની દંડની રકમ વસૂલવામાં આવી હતી. આ ઉપરાંત રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ વિષયક ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, જિલ્લા આરોગ્ય શાખા, જિલ્લા પંચાયતના જિલ્લા આરોગ્ય અધિકારી ડો.આર.એમ. જોષી સહિતના અધિકારીઓ અને સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

---

### જિલ્લા આરોગ્ય અધિકારીનાં માર્ગદર્શન હેઠળ આયોજન

## ચલાલામાં રોગચાળો ના ફેલાઈ તે માટે આરોગ્ય ટીમે લોક જાગૃતિ શરૂ થઈ

**આરોગ્ય વિભાગની ૧૦ ટીમ કાર્યરત બની**



ચલાલા, તા. ૧૮

જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન મુજબ આરોગ્ય વિભાગની જુદી જુદી ૧૦ ટીમો બનાવી શહેરી વિસ્તારમાં ઘરેઘરે ફરી શહેરમાં ડેંગ્યું જેવા રોગચાળોનાં આવે તે માટે પાણીનો ઉપયોગ કેવી રીતે કરવો તેમજ ખાલી પડેલા વાસણ, ટાયર, ભંગાર, પાંણીની ટાંકી સહીતનાં વસ્તુમાં લાંબા સમય સુધી પાણી ભરાયેલા રહેવાથી મચ્છરનાં પારા થઈ જાય છે. જેણા કારણે ડેંગ્યું અને મેલરીયા જેવા રોગ થતા હોય છે. ધીરનાં ગોપાલગ્રામનાં કામગીરી હાથ ધરવામાં આવી હતી. અમરેલી જિલ્લા આરોગ્ય અધિકારી ડો.જોષી, ડો.સિંઘ અને તાલુકા આરોગ્ય અધિકારી મકવાણાનાં માર્ગદર્શન હેઠળ આરોગ્ય સ્ટાપ તથા આશાવર્કરે લોકોને ઘરે ઘરે જઈ ડેંગ્યું સહીતનાં રોગચાળોના થાય તે માટેની સમજણ આપી હતી. આ કામગીરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડો.હેમાલીબેન, કાકડીયાભાઈ, અને વાડદોરીયાના સુપર વિઝન નીચે કરવામાં આવી હતી.

---

### પાલિકાનાં શાસકોનો જનહિતમાં નિર્ણય

## આનંદો : સાવરકુંડલા શહેરમાં રૂપિયા ૧.૧૦ કરોડનાં ખર્ચે વિકાસ કાર્યો કરાશે

**ટૂંક સમયમાં જ કામગીરીનો થશે પ્રારંભ**

સાવરકુંડલા, તા. ૧૮

જુદા જુદા વિસ્તારોમાં ખાસ કિસ્સાની ગ્રાન્ટ (મુખ્યમંત્રી સડક યોજના)માંથી રૂપિયા એક કરોડ દસ લાખ બાર હજાર સાતસોના ખર્ચે કુલ ૨૩ સી. સી. રોડ તેમજ ડામર રોડના કામો મંજુર થયા જેના ટેન્ડર પણ ખુલ્લી ગયા અને કોન્ટ્રાકટરને વર્ક ઓર્ડર પણ આપી દીધો છે ટૂંક સમયમાં તેના ખાતમુહૂર્ત પણ કરવામાં આવી રહ્યું છે. વોર્ડ નંબર ૬ ના કુલ ૨૩ રોડના કામો ચાલુ થવાના છે તે (૧) શિવમપાર્ક સોસાયટી દિલીપભાઈ ભટ્ટના ઘર પાસેથી અશ્વિનભાઈ ઉપાધ્યાયના ઘર સુધી સી. સી. રોડ (૨) ગાયત્રી સોસાયટી પરેશભાઈ જોષીના ઘર પાસેથી કાપડી બાપુના ઘર સુધી સી. સી. રોડ (૩) ગાયત્રી સોસાયટી રામજીભાઈ જમોડના ઘર પાસેથી દેવચંદભાઈના ઘર સુધી સી. સી. રોડ (૪) ગાયત્રી સોસાયટી નૈમિષભાઈ ત્રિવેદીના ઘર પાસેથી કરણભાઈ જાડેજાના ઘર સુધી સી. સી. રોડ (૫) ફ્રેન્ડ સોસાયટી ભાયાભાઈ દેવીપૂજકના ઘર પાસેથી કબીર ટેકરી સુધી સી. સી. રોડ (૬) માલધારી ચોક પાસેથી મગનભાઈ આંબલીયાના ઘર સુધી સી. સી. રોડ (૭) ઈન્દિરા વસાહત હિંમતભાઈ કુડેચાના ઘર પાસેથી શૈલેષભાઈ કુડેચાના ઘર સુધી સી. સી. રોડ (૮) ઈન્દિરા વસાહત ચોકથી અરવિંદભાઈ દેવીપૂજકના ઘર સુધી સી. સી. રોડ (૯) ફ્રેન્ડ સોસાયટી હકાભાઈ કોળીના ઘર પાસેથી બોનીભાઈ બાબરના ઘર સુધી પેંવીગ બ્લોક રોડ (૧૦) ઈન્દિરા વસાહત ધીરૂભાઈના ઘર પાસેથી ભુપતભાઈના ઘર સુધી પેંવીગ બ્લોક રોડ (૧૧) ઈન્દિરા વસાહત ધીરૂભાઈના ઘરથી ભુપતભાઈના ઘર સુધી પેંવીગ બ્લોક રોડ(૧૨) ઈન્દિરા વસાહત વિપુલભાઈના ઘર વાળી શેરીમાં પેંવીગ બ્લોક રોડ (૧૩) કોલેજના ગેઈટ પાસેથી ફ્રેન્ડ સોસાયટી સુધી ડામર રોડ (૧૪) બીડી કામદાર સોસાયટી મસ્જિદથી મુરાદભાઈ જોકીયાના ઘર સુધી સી. સી. રોડ (૧૫) બીડી કામદાર સોસાયટી સલીમભાઈના ઘર પાસેથી યુસુફભાઈના ઘર સુધી સી. સી. રોડ (૧૬) બીડી કામદાર સોસાયટી અમીનાબેનના ઘર પાસેથી અલ્લારખભાઈના ઘર સુધી સી. સી. રોડ (૧૭) બીડી કામદાર સોસાયટી કાસમભાઈના ઘર પાસેથી રોશનબેનના ઘર સુધી સી. સી. રોડના કામોના ટેન્ડર ખુલી ગયા અને ટૂંક સમયમાં રોડના કામો ચાલુ થશે જેથી વિસ્તારના લોકોમાં હર્ષની લાગણી પ્રસરી છે નગરપાલિકા પ્રમુખ તૃપ્તીબેન દોશી, પૂર્વ પ્રમુખ રાજુભાઈ દોશી, અને પાલીકાના હોદ્દેદારો, ચિફ ઓફીસરનો આભાર વ્યકત કર્યો હતો.

---

### વડિયાનાં અગ્રણી અને કિશાન સંઘનાં ઉપપ્રમુખની માંગ

## ભાવનગર–જેતલસર રૂટની ટ્રેનને સોમનાથ વેરાવળ અને રાજકોટનું ક્રોસિંગ આપવા માંગ

**નાયબ દંડક તેમજ સાંસદને પત્ર પાઠવીને કરી માંગ**

વડિયા, તા. ૧૮

વડિયા કુંકાવાવ તાલુકા કિસાન સંઘના ઉપપ્રમુખ છગનભાઈ ઢોલરીયા દ્વારા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા અને સાંસદ નારણભાઈ કાછડીયાને લેખીતમાં રજૂઆત કરવામાં આવી.

રજુઆતમા જણાવ્યું હતું કે અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા વડિયા કુંકાવાવ પંથકના લોકોને એક સગવડતા મળી રહે તે માટે વેરાવળ સોમનાથથી આવતી ટ્રેનને જેતલસર ભાવનગર રૂટની ટ્રેન સાથે ક્રોંસિગ કરી આપવામાં આવે તો પેસેન્જર પણ મળી રહે અને લોકોને એક સુવિધા ઉપલબ્ધ થાય પ્રાપ્ત વિગતો અનુસાર ભાવનગર જેતલસર રૂટની ટ્રેન બ્રોડગેજ શરૂ જ છે. જેમ સવારે ભાવનગરથી ઉપડતી ટ્રેનનું ક્રોસિંગ જેતલસરથી સોમનાથ વેરાવળ જવા માટેનું છે. પરંતુ સાંજે જેતલસરથી ઉપડતી ટ્રેન નં. ૦૯૫૮૬ ટ્રેનને વેરાવળ રાજકોટ ટ્રેન નં. ૦૯૫૧૪નું ક્રોસિંગ જેતલસરથી મળી જાય તો ભાવનગર, લાઠી, ઢસા, વડિયા, કુંકાવાવ સ્ટેશન વાવડી અને સમગ્ર વડિયા કુંકાવાવ તાલુકાના ગ્રામ્ય વિસ્તાર લોકોને સોમનાથ મહાદેવના દર્શન કરી અને સાંજે પરત આપવામાં લાભ મળી રહે અને ટ્રેનમા ટ્રાફીક પણ મળી રહે. જયારે આ વિસ્તારના લોકોને સવારે સોમનાથ મહાદેવના દર્શન કરવા જાવું હોય અને સાંજે પરત આવવું હોય તો ખાસ સુવિધા ઉપલબ્ધ થાય તેમ જણાવ્યું હતું.

''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
Navnit
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO



ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો–રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

---

### કલેકટર અજય દહિયાનાં અધ્યક્ષ સ્થાને

## અમરેલી ખાતે પીસી પીએનડીટી એકટ અન્વયે એડવાઈઝરી કમિટીની બેઠક યોજાઈ

**બેઠકમાં ડીડીઓ, ડો. ગજેરા પણ ઉપસ્થિત રહ્યા**

અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે પીસી–પીએનડીટી એકટ–૧૯૯૪ અન્વયે જિલ્લા કક્ષાની એડવાઈઝરી કમિટીની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ગત મીટિંગ કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી હતી. રિન્યુઅલ રજીસ્ટ્રેશન, પી.સી.પીએન ડીટી એકટ–૧૯૯૪ અંગે સરકાર દ્વારા આપવામાં આવેલા વિવિધ ચુકાદાઓ/ પરિપત્રોના અમલીકરણ, જિલ્લામાં ગર્ભ પરીક્ષણ અટકાવવા માટે નાગરિકોમાં જાગૃત્તિ વધારવા શું પગલાંઓ લઈ શકાય તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. 'ગર્ભ પરીક્ષણ કરવું કે કરાવવું એ કાયદાકીય સજાપાત્ર ગુનો છે', તે અંગે નાગરિકોમાં જાગૃત્તિ આવે તેવા પ્રયત્નો જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા કરવામાં આવી રહ્યા છે. વધુમાં લોકોમાં આ બાબતે પોતે જાગૃત્ત થાય અને તે અંગે આદતો કેળવાઈ તે આવશ્યક છે. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, જિલ્લા આરોગ્ય અધિકારી જોશી, આઈ.એમ.એ. અમરેલીના પ્રેસિડેન્ટ ડો.ગજેરા અને સમિતિના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

HONDA
સપના કરશે સાકાર...
હોન્ડા CD110
કિંમત રૂા. 69,761/-* થી શરૂ
3+3 years warranty
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત



ઓથો.ડિલર
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી.

---

## જાફરાબાદમાં એસ.ટી. પિકઅપ સ્ટેન્ડમાં ગંદકીનો માહોલ



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૧૮

જાફરાબાદ ખાતે બંદર ચોકમાં આવેલ શોભાના ગાંઠીયા સમાન પિકઅપ સ્ટેન્ડ આ પિકઅપ સ્ટેન્ડમાં મુકવામાં આવેલ લોકો માટે બેસવાની ખુરશીઓ પણ ગાયબ થઈ. આ બાબતે જાફરાબાદનું સંબંધિત તંત્ર ધ્યાન આપશે કે નહીં ? ખદબદતી ગંદકી થી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. સ્વચ્છતા અભિયાનના ખુલ્લેઆમ લીરે લીરા ઉડી રહ્યા છે. તો શું જાફરાબાદ નગરપાલિકા આ પિકઅપ સ્ટેન્ડની સાફસફાઈ કરવામાં આવશે કે પછી હોતા હૈ ચલતા હૈ આ પિકઅપ સ્ટેન્ડમાં અસંખ્ય ગરમીના લીધે લોકો તેમજ મુસાફરો આ બસ સ્ટેન્ડમાં બેસવા માટેની ખુરશીઓ પણ ન હોય તેમજ સાફસફાઈ કરવામાં પણ ન કરવામાં આવતા લોકોમાંથી ચર્ચાઓ ચાલુ તો શું જાફરાબાદ બંદર ચોકનું પીકઅપ સ્ટેન્ડ નગરપાલિકાના ધ્યાન ઉપર આવશે. તેવી લોકમુખે ચર્ચાઓ થઈ રહી છે. આ પિકઅપ સ્ટેન્ડની સફાઈ માટે લોકોની પ્રબળ માંગણી ઉઠી છે.

## બાગેશ્વરધામનાં ધીરેન્દ્ર શાસ્ત્રીનાં રાજકોટનાં આગમનને લઈને ઘમાસાણ

# ભાજપ ચૂંટણી જીતવા પુનઃ બાબાને આગળ કરી રહી છે

### મોંઘવારી, બેરોજગારી, આર્થિક ડામાડોળ સ્થિતિ સહિત જનતાનાં પ્રશ્નોનું નિરાકરણ કરવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ

### ભાજપનાં નેતાઓએ આપેલ તમામ વચનો નિષ્ફળ જતાં હવે ''દિવ્યદરબાર''નું આયોજન થયું

### બાબાનાં દરબારો કોણ યોજે છે તેની તટસ્થ તપાસ થાય તો દૂધનું દૂધ ને પાણીનું પાણી થઈ જાય

### પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતા ડો. મનિષ દોશીએ ભાજપ સરકારની તમામ નિષ્ફળતા ઉજાગર કરી

અમદાવાદ, તા. ૧૮

પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતા ડો. મનિષ દોશીએ ભાજપ સરકારની નિષ્ફળતા સામે આકરી પ્રતિક્રિયા આપી છે.

તેઓએ એક નિવેદનમાં જણાવેલ છે કે, લોકસભા ૨૦૧૪ અને ૨૦૧૯ પછી વિજય પ્રાપ્ત કરી સત્તામાં આવનાર ભાજપાએ જનતાને જે જે વચનો આપ્યા હતા તે આજે જવાબ ન હોવાથી ફરી એકવારની એજ રણનીતિના ભાગરૂપે શું ''બાબા''ઓના ''દિવ્યદરબાર'' આયોજન થઈ રહ્યા છે ? ''બાબા''ની સભાના આયોજકમાં સુરત ખાતે ભાજપાના ધારાસભ્ય છે. રાજકોટ અને અમદાવાદમાં આયોજકના કોની સાથે સંબંધ છે તે સમગ્ર દેશમાં જયાં જયાં ''બાબા''ના દરબારો યોજાઈ રહ્યા છે તે માટે કોણ સંત્રી–મંત્રી મદદ કરી રહ્યા છે તે તપાસનો વિષય છે. ત્યારે બાબા દિવ્ય દરબારમાં ગુજરાતના નાગરિકો ઉપર કૃપા કરે તેવીમ માંગ સાથે પ્રશ્ન પુછતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીર અને પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪ પહેલાનાં ચૂંટણી પ્રચાર સમયે રામદેવબાબાએ કાળાધન પર આવશે, દેશમાં નાગરિકોને લાભ મળશે તેવી જોરશોરથી વાત કહી હતી. કાળુધન તો પરત ન આવ્યું પરંતુ કરોડો–અબજો રૂપિયાનું સફેદ ધન સાથે કેટલાય રફફું ચકકર થઈ ગયા. કાળાધન પર બોલનાર બાબા અત્યારે કયાં છે ? પેટ્રોલ–ડીઝલ ૪૦ રૂપિયે જનતાને મળશે તેવા ઈન્ટરવ્યું આપી દેશની જનતાને વિશ્વાસ અપાવનાર ૯૦ રૂપિયા ૧૦૦ રૂપિયાનાં ભાવે દેશની જનતા લૂંટાઈ રહી છે ત્યારે બાબા રામદેવ કેમ મૌન છે ? ૨૦૧૪માં ૪૧૪નો ગેસનો બાટલો ૧૨૦૦ રૂપિયાનો થઈ ગયો તો બાબાઓ કેમ મૌન છે ? ૨૦૧૪–૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા અન્ના હજારે, બાબા રામદેવ સહિતના આંદોલનો ૨૦૧૯માં બાબા રામદેવ, શ્રી શ્રી રવિશંકર સહિતના બાબાઓના માધ્યમથી ભાજપાએ સત્તા મેળવી. ગુજરાતના ગરીબ–સામાન્ય–મધ્યમવર્ગના બાળકોને પરવડે તેવી ફીમાં ગુણવત્તા સાથે શિક્ષણ કયારે મળશે ? સરકારી અને ગ્રાન્ટેડ શાળામાં ૩૨૦૦૦ શિક્ષકોની જગ્યા કયારે ભરાશે ? ગુજરાતમાં સરકારી ભરતીમાં વારંવાર પેપર ફોડનાર, ગેરરીતિ કરનાર, ચમરબંધી કૌભાંડીઓ, મોટા માથાઓ કોણ છે ? ગુજરાતમાં ફીક્ષ પગાર નામે લાખો યુવાનોને કયારે આર્થિક શોષણ પ્રથામાંથી મુકત થશે ? સુપ્રિમ કોર્ટમાં કયારે કેસ ગુજરાત સરકાર પર ખેંચશે ? ગુજરાતમાં આઉટ સોર્સીંગ અને કોન્ટ્રાકટનાં નામે ગુજરાતના ૧૦ લાખ કરતા વધુ યુવાનોને અડધો પગાર ચુકવી એજન્સીઓ કરોડો રૂપિયા બારોબાર લઈ જાય છે તે માટે ગુજરાતના યુવાનોને પુરો પગાર મળે, ભ્રષ્ટાચાર અટકે તે અંગે આપ દિવ્ય સભામાં જણાવીને ગુજરાતના યુવાનો પર કૃપા કરશો. ગુજરાતમાં કરોડો રૂપિયાનો દારૂ રોજ ઠલવાય, અબજો રૂપિયાની ડ્રગ્સ આવે છે તે કયાંથી આવે છે ? કોણ મોકલે છે ? કોના સુધી પહોંચે છે ? તે આપ દિવ્ય વાણીથી ગુજરાતની જનતાને જણાવવા કૃપા કરશો.

બેફામ મોંઘવારીમાંથી જનતાને કયારે મુકિત મળશે ? ગુજરાતની જનતા ખાસ કરીને ગૃહિણીઓ પર કૃપા કરવા વિનંતી છે. ''નલ સે જલ'', સૌની યોજન, મનરેગા, રેતી, માટી સહિતની ખનિજોની મોટાપાયે ચોરીઓ અને ભ્રષ્ટાચારમાં કયારે ઘટાડો થશે ? દૂર થશે ? ગુજરાતની મા સમાન નદીઓ સાબરમતિ, તાપી, વિશ્વામિત્રી સહિતની નદીઓ કયારે શુધ્ધ થશે ? ગુજરાતના નાગરિકો શુધ્ધ પીવાનું પાણી મળશે ? ગુજરાતમાં વારંવાર તુટતા બ્રીજો જેમ કે હાટકેશ્વર બ્રીજ, મુમતપુરા બ્રીજ, સુરત, મોરબી, રાજકોટ સહિતનાં પુલોના ભ્રષ્ટાચાર માટે કોણ કોણ સંડોવાયેલા છે ? કયાં માથાઓએ ભ્રષ્ટાચાર કર્યો છે ? ગુજરાતના લાખો ખેડૂતોના કરોડો રૂપિયા, વીમાના પ્રિમીયમ ગાયબ થઈ ગયા અને ખેડૂતોનો પાક વીમો કોણ કોણ ચાઉં કરી ગયું ? ગુજરાતમાં લાખો હેકટર ગૌચરની જમીન કયાં કયાં લોકો ગાયબ કરી ગયા ? ગાયમાતા સ'તિ અબોલ જીવો માટે આપ દિવ્ય દરબારમાં જણાવીને ગુજરાતની જનતા પર કૃપા કરશો. તેમ નિવેદનનાં અંતમા જણાવેલ છે.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

**શ્રીનાથજી કોમ્પ્યુટર્સ** ૪૦,પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



**મહાકાલી જયોતિષ**

જયોતિષ વિદ્યાનો ચમત્કાર | LOVE GURU

- ૧૦૦% ચેલેન્જથી કામ
- હસ્તરેખા, લગ્નમાં વિલંબ
- લવ પ્રોબ્લમ, લવ મેરેજ, આકર્ષણ પ્રયોગ
- મેલી વસ્તુ મુકિત, ગ્રહકલેશ
- નોકરીમાં પ્રમોશન, લક્ષ્મીબંધન
- ગુપ્ત ધનનાં ખાસ જાણકાર
- એક તરફી પ્રેમ, પ્રેમીપ્રેમીકા વશ
- પ્રેમમાં દગો, ધારેલી વ્યકિતનું મિલન
- મહામોહીની ઈચ્છાધારી વશીકરણ
- શત્રુનાશ, છુટાછેડા, સૌતન મુકિત

મારે ત્યાંથી નીરાશ થશો નહીં

જીવનનાં કોઈપણ કાર્યનાં નિવારણ માટે ભાઈઓ-બહેનો વિશ્વાસથી મળો

૯૭૩૭૩ ૩૦૭૯૮

વાત ગુપ્ત રહેશે | ઘરબેઠા સચોટ કામ






**એક્ટિવ સર્વિસ પોઈન્ટ**

**પ્લમ્બર કામ** જેવા કે, નળ રીપેરીં, ગટરનું ચોકઅપ, પ્રેશર ઓછું આવવું, દારની મોટર, ઓટો સેન્સર, ઘરમાંથી દુર્ગંધ આવવી, ટાંકા સુધી પાણી ન ચડવું, પાણીનાં ટાંકાની સફાઈ.

**કડીયા કામ** નાના મોટા રીપેરીંગ તથા રીનોવેશન લાદી, ચણતર પ્લાસ્ટર.

RO ફિલ્ટર સર્વિસ

**ઈલેકટ્રીક કામ** વાયરીંગને લગતા પ્રશ્નો તથા રીપેરીંગ તથા AC તેમજ ફ્રીજ

**કલર કામ** પુટ્ટી, કલર.

- AC સર્વિસ
- સુથારીકામ
- વેલ્ડિંગકામ
- ગેસચૂલા

**એન્જીનીયરીંગ વર્ક** સુપરવીઝન, એસ્ટીમેટ, પ્લાનીંગ તથા ડીઝાઈન.

ઉપર મુજબના દરેક પ્રકારના ચોકસાઈ પૂર્વક કામ માટે આજે જ સંપર્ક કરો

જગદીશભાઈ બી. વ્યાસ 97244 65508 : સંપર્ક : ભાર્ગવભાઈ વ્યાસ 89807 08023

સરનામું : 'ભારતીય શ્રમયોગી સંઘ' F/7 સિલ્વર પ્લેસ, સ્ટેશન રોડ, અમરેલી-365601


## નાગરિક સહકારી બેન્ક લી., બાબરા.

**''ત્રિવેણી'', ગાયત્રી મંદિર પાસે, બાબરા–૩૬૫૪૨૧**
**(તા. બાબરા, જી. અમરેલી)**

ચૂંટણીનાં નિયમોની કલમ ૮:૪ મુજબ ચૂંટણીનું સમયપત્રક, તારીખ અને સ્થળ નકકી કરવા.

**ચૂંટણીની તારીખ : ૧૧/૬/૨૦૨૩**
**સ્થળ : નાગરિક સહકારી બેંક લી., બાબરા.**
**સમય : સવારે ૮:૦૦ થી ૪:૦૦ સુધી**

**:: ચૂંટણીનું સમયપત્રક ::**

| ક્રમ | વિગત | તારીખ | વાર | સમય |
|---|---|---|---|---|
| ૧ | પ્રથમ મતદારયાદી અને ખાલી જગ્યાઓનાં નામ સાથે પ્રસિધ્ધિ | ૨૦/૦૫/૨૦૨૩ | શનિવાર | ૧૧:૦૦ |
| ૨ | મતદાર યાદી વાંધા રજુ કરવાની છેલ્લી તારીખ | ૨૨/૦૫/૨૦૨૩ | સોમવાર | ૦૪:૦૦ |
| ૩ | છેવટની મતદાર યાદી પ્રસિધ્ધિ | ૨૨/૦૫/૨૦૨૩ | સોમવાર | ૦૫:૦૦ |
| ૪ | ઉમેદારીપત્રની વિતરણ તારીખ | ૨૪/૦૫/૨૦૨૩ | બુધવાર | ૧૦ થી ૪ |
| | | ૨૫/૦૫/૨૦૨૩ | ગુરૂવાર | ૧૦ થી ૪ |
| ૫ | ઉમેદવારીપત્રક સ્વિકારવાની તારીખ | ૨૯/૦૫/૨૦૨૩ | સોમવાર | ૧૦ થી ૪ |
| | | ૩૦/૦૫/૨૦૨૩ | મંગળવાર | ૧૦ થી ૪ |
| ૬ | ઉમેદવારીપત્રક ચકાસણીની તારીખ | ૦૩/૦૬/૨૦૨૩ | શનીવાર | ૦૪:૦૦ |
| ૭ | મંજુર થયેલ ઉમેદવારોની જાહેરાત તારીખ | ૦૩/૦૬/૨૦૨૩ | શનીવાર | ૦૫:૦૦ |
| ૮ | ઉમેદવારીપત્ર પાછા ખેંચવાની તારીખ | ૦૫/૦૬/૨૦૨૩ | સોમવાર | ૦૩:૦૦ |
| ૯ | ઉમેદવારોની છેવટની યાદી પ્રસિધ્ધિની તારીખ | ૦૫/૦૬/૨૦૨૩ | સોમવાર | ૦૪:૦૦ |
| ૧૦ | નિશાન ફાળવણીની તારીખ | ૦૫/૦૬/૨૦૨૩ | સોમવાર | ૦૪:૦૦ |
| ૧૧ | મતદાન તારીખ, સમય, સ્થળ (સ્થળ : નાગરિક સહ. બેંક લી. બાબરા.) | ૧૧/૦૬/૨૦૨૩ | રવિવાર | ૦૮ થી ૪ |
| ૧૨ | મતગણતરીની તારીખ અને સમય | ૧૧/૦૬/૨૦૨૩ | રવિવાર | મતદાન પૂર્ણ થયા બાદ તુરત જ મતગણત્રી |
| ૧૩ | પરિણામ જાહેર કરવાની તારીખ | ૧૧/૦૬/૨૦૨૩ | રવિવાર | પૂર્ણ થયા બાદ તુરત જ |

બોર્ડ ઓફ ડીરેકટર્સશ્રીનાં હુકમથી
**ડી. વી. મીઠાપરા**
ચૂંટણી અધિકારી
નાગરિક સહકારી બેંક લી. બાબરા.





"કોમર્સ એટલે એકલવ્ય અને એકલવ્ય એટલે કોમર્સ"

**એકલવ્ય**

ડિઝીટલ કોમર્સ | **કોમર્સ** | 100% કોમર્સ

ધોરણ 11 - 12 કોમર્સ ગુજરાતી માધ્યમ

અમરેલી જીલ્લામા સૌ પ્રથમ **સ્માર્ટ બોર્ડ** દ્વારા એજ્યુકેશન આપતી એક માત્ર કોમર્સ સ્કુલ

મર્યાદિત જ એડમિશન બાકી હોય તાત્કાલિક સંપર્ક કરો.

લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણ નગર
અમરેલી - 365601
Mo.9106634426 / 9979449649


## જાહેર અંતિમ નોટિસ

### દબાણ હટાવ ઝુંબેશ

અમરેલી નગરપાલિકા હદ વિસ્તારમાં અલગ અલગ મુખ્ય રાજમાર્ગો અન્ય આંતરીક રસ્તાઓ તથા રસ્તા પૈકી જમીનો, ખુલ્લા સાર્વજનિક પ્લોટ કે અન્ય પ્લોટમાં દબાણકર્તાઓએ કરેલ ઓટલા, છાપરા, પગથીયા, કેબીનો, હોર્ડિંગબોર્ડ, સાઈનબોર્ડ વિગેરે દબાણો દુર કરવા માટે જાહેર નોટિસો, વર્તમાનપત્રો, માઈક દ્વારા તથા રૂબરૂ સુચના આપવામાં આવેલ છે. આમ છતાં બીનઅધિકૃત દબાણો દુર થયેલ ન હોય તેથી આ અંતિમ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે તમામ પ્રકારના અનઅધિકૃત દબાણો તા. ૨૨/૫/૨૦૨૩ સુધીમાં સ્વૈચ્છાએ દુર કરવા અન્યથા અમરેલી નગરપાલિકા અને વહીવટીતંત્ર તરફથી તા. ૨૩/૦૫/૨૦૨૩ થી દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન તમામ અનઅધિકૃત દબાણ જે તે ઈસમોના ખર્ચે, જોખમે અને જવાબદારીએ દબાણ દુર કરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામે ગંભીર નોંધ લેવી.

**ચીફ ઓફિસર**
અમરેલી નગરપાલિકા
અમરેલી

# અમરેલી ખાતે શેર એન્ડ કેર દ્વારા મધર્સ–ડેની ભવ્ય ઉજવણી



અમરેલી ખાતે શેર એન્ડ કેર દ્વારા મધર્સ–ડે ની ભવ્ય ઉજવણી 'યસ બેન્ક સફર સાથ ચલને સે'' ગીત સંગીત અને કેક કટીંગ સોથ વડીલ વંદના કરવામાં આવેલ. કાર્યક્રમમાં દિપકકુમાર મેદપરા– યસ બેંક કલસ્ટર હેડ, રાજકોટ, રીતેષભાઈ સોની, પ્રમુખ લાયનસ કલબ ઓફ અમરેલી (રોયલ), રાકેશભાઈ નાકરાણી, સેક્રેટરી લાયન્સ કલબ ઓફ અમરેલી (રોયલ), હાર્દિકભાઈ સેંજલીયા, પ્રમુખ અમરેલી, શહેર મોબાઈલ એસોસીએશન, બિરજુભાઈ અટારા, પ્રમુખ વેપારી મહામંડળ, અમરેલી, નયનભાઈ પરસાણીયા, ચંદ્રેશભાઈ ધોળકીયા, મંત્રીઓ, વેપારી મહા મંડળ, અમરેલી, રોહીતભાઈ જીવાણી, જયોતિષાચાર્ય, ડો.એસ.આર. દવે, બાળરોગ નિષ્ણાંત, રવજીભાઈ કાચા, પ્રમુખ સિનિયર સીટીઝન સોસાયટી, અમરેલી અને તેના મેમ્બરો ઉપરાંત ચલાલાથી અશોકભાઈ જોષી, તેમજ બગસરાથી દેવચંદભાઈ સાવલીયા તેમની ટીમ સાથે હાજર રહયા. શેર એન્ડ કેર અમરેલીનાં કલાકાર મિત્રો સર્વ મનસુર ગઢીયા, ધર્મેન્દ્ર જોષી, સંજય પંડયા, અને જીલ જોષીએ ગીતોની પરીખ અને સમન્વયનાં દિવ્યાંગ વિદાર્થી પ્રત્યે લાગણીથી જોડાયેલ પાર્થભાઈ તેરૈયાનું મહેમાનોનાં હસ્તે સન્માન કરવામાં આવેલ. કાર્યક્રમનું સફળ સંચાલન કુંકાવાવથી પધારેલ સ્પે. એજયુકેટર કિરીટભાઈ જોષીએ કરેલ કાર્યક્રમને સફળ બનાવવા યસ બેન્કનાં રાહુલભાઈ, શીવમભાઈ તેમજ તેમજની ટીમ અને શેર એન્ડ કેર અમરેલીનાં મેમ્બરો સર્વ સાગરસિંહ ભડોરીયા, હાર્દિક પારેખ, પ્રતિક પરમાર, વિમલ સોલંકી, ભાવેશ કામોઠી, એઝાજ નગરીયા, રમેશભાઈ જાની, પરેશ મહેતા, નિલેષ કાબરીયા, ટીનાભાઈ પરમાર, એ જહેમત ઉઠાવેલ. કાર્યક્રમનાં અંતે વ્રજ જવેલર્સ અમરેલી તરફથી વડીલો દરેકને આઈસ્ક્રીમ ખવડાવવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન શેર એન્ડ કેર અમરેલીનાં ફાઉન્ડર રિયાઝ વેરસીયાએ કરેલ.

### અમદાવાદ નજીક એનાસણ ગામે ટુર્નામેન્ટ યોજાઈ

# અમરેલી જિલ્લાની મહાદેવ ઈલેવન નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બની

### વિજેતા ટીમ ઉપર અભિનંદન વર્ષા શરૂ




અમરેલી, તા. ૧૮

નાઈ સમાજ અમદાવાદ દ્વારા યુવા સમર્પણ પ્રિમિયર લીગ નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ.

અમદાવાદ નજીક આવેલાં એનાસણ ગામનાં નીલકંઠ ફાર્મમાં આયોજીત આ ટૂર્નામેન્ટમાં ગુજરાતમાંથી અમદાવાદ, સુરત, રાજકોટ, અમરેલી જીલ્લાની આઠ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં અમરેલી જીલ્લાની મહાદેવ ઈલેવને ઓલરાઉન્ડર પર્ફોર્મન્સ કરતાં ચેમ્પિયન બની હતી તથા અમદાવાદ બ્લેક પેન્થરે રનર્સ અપ ટ્રોફી મેળવી હતી. આ જ ટીમો વચ્ચે મે મહિનાની ૧૪ તારીખે સૌરાષ્ટ્રમાં પુનઃ નાઈટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. જસદણના યુવા આગેવાનો દ્વારા કરૂણાનંદ પ્રિમિયર લીગ (કે.પી.એલ.)નું રાજસમઢિયાળા, રાજકોટ ખાતે શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં મહાદેવ ઈલેવન અમરેલીએ આક્રમક દેખાવ કરતાં વિજેતા થયાં હતાં તો યજમાન સંતોષ ઈલેવન જસદણ ફાઈનલ સુધી પહોચી હતી.

યુવા સમર્પણ લીગને સફળ બનાવવા સ્પોન્સર જયંતિભાઈ રાડોડ (હેમાલી ક્રિએશન), દિપકભાઈ મિયાત્રા, ઉદયદીપ ચૌહાણ – ભૂમિલ મકવાણા, શ્રી કરૂણાનંદ યુવા સંગઠન સુરત તેમજ આયોજક રિતેશ શેલાર, સન્ની રાઠોડ, સાગર રાઠોડ, અંકિત શેલાર તથા અશ્વિન વાઢેરે જહેમત ઉઠાવી હતી.

શ્રી કરૂણાનંદ યુવા પ્રિમિયર લીગના સ્પોન્સર વિરલ સરકત (ધ યુનિક બ્યુટીપાર્લર), ડો. પંકજભાઈ બડમલિયા, શૈલેષભાઈ મકવાણા, કમલેશભાઈ ગલચર, શ્રી કરૂણાનંદ શિક્ષણ વિકાસ સમિતિ સુરત સાથે આયોજનને સફળ બનાવવા રાકેશભાઈ પરમાર, વિજય મકવાણા, દિપક ચૌહાણ, સંજય મકવાણા, કમલેશ ગલચર, ભરત વાળા, નિકુંજ ઘુમલિયાએ જહેમત ઉઠાવી હતી. બન્ને ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન બનેલ મહાદેવ ઈલેવન અમરેલીના કેપ્ટન ગિરીશ સરવૈયા, વાઈસ કેપ્ટન જય શેલાર, નિશિથ ખડદિયા, મનિષ સરવૈયા, વિવેક સરવૈયા (કાનો), ચિરાગ મૈસુરિયા, હાર્દિક ભટ્ટી, કેયૂર બડમલિયા, સંદીપ મૈસુરિયા, જય મૈસુરિયા, તુષાર પરમાર સહિત ટોપ પરફોર્મ કરનારા ખેલાડીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

અમરેલી જીલ્લાની ચેમ્પિયન ટીમને કરૂણાનંદ સેના સૌરાષ્ટ્રના પ્રમુખ મનહરભાઈ સલખના, મંત્રી કમલ શેલાર તેમજ નાઈ સમાજ સાવરકુંડલાના પ્રમુખ બિપીનભાઈ શેલાર, મંત્રી લલિત મૈસુરિયા સહિત અકાળાના પૂર્વ સરપંચ ભૂપતભાઈ મૈસુરિયા, રાજેશભાઈ સલખના (બાબરા), ધીરૂભાઈ મકવાણા (ચલાલા), ભરતભાઈ સરકત (લીલીયા), ગોપાલભાઈ ભટ્ટી (બગસરા), જીંજુડાના મનસુખભાઈ રાઠોડે અભિનંદન પાઠવી વિજેતા ટીમને બિરદાવી હતી.એમ વિપુલ ભટ્ટીએ જણાવ્યું છે.

## કોટડાપીઠા : પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરાઇ



કોટડા પીઠા, તા.૧૮

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કોટડાપીઠા દ્વારા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા મેલેરીયા અધિકારીની સુચના અને તાલુકા હેલ્થ ઓફિસરનાં માર્ગદર્શન મુજબ કોટડાપીઠા–૧૬ મે ના રોજ રાષ્ટ્રીય ડેગ્યુ દિવસની ઉજવણી કરવામાં આવી. આ વર્ષની થીમ 'ડેન્ગ્યું અટકાવવા સહભાગી અભિયાનનું પણ આયોજન કરવામાં આવેલું. ૧૬ મે ના રોજ રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ ઉજવણીનાં ભાગરૂપે મચ્છર દ્વારા ફેલાતા રોગોથી બચવાનાં ઉપાયો, ખાડા ખાબોચીયામાં માટી કામથી પુરાણ કરાવવું, મચ્છર દાનીમાં તપાવીને પછી પાણી ભરવું. જુના ટાયર ભંગાર વગેરેનો નાસ કરવો, સાંજનાં સમયે બારી બારણા બંધ રાખવા અને લીંમડાનો ધુમાડો કરવો, તાવ આવે એટલે તુંરજ લોહીની તપાસ કરાવી પછી જ દવા લેવી વગેરેની માહીતી સુપરવાઈઝર મેહુલભાઈ દ્વારા આપવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રા.આરોગ્ય કેન્દ્ર, કોટડાપીઠાની ટીમ દ્વારા ખુબ જ જહેમત ઉઠાવવામાં આવી હતી. તેમ પ્રા.આ. કેન્દ્ર, કોટડાપીઠા મેડીકલ ઓફીસર ડો.ધાર્મિક કળ થિયાની યાદીમાં જણાવેલ છે.

## અમરેલી : નૂતન કોમર્સ કોલેજ ટી.વાય.બી.કોમનું ઉજજવળ પરિણામ



અમરેલી, તા.૧૮

અમરેલી કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલીત નૂતન કોમર્સ કોલેજનાં ટી.વાય.બી.કોમ સેમેસ્ટર–૬ માં કોલેજ પ્રથમ ત્રણ આવનાર વિદ્યાર્થીઓ(૧) નગરીયા જૈનબ સર્ફરાજભાઈ ૭૬.૭૧% (૨) ટાંક મહેક મનીષભાઈ ૭૬.૭૧% (૩) વિરપરા હેતલ કનુભાઈ ૭૪% તથા બી.કો. સેમેસ્ટર–૬માં ઉતીર્ણ થયેલ તમામ વિદ્યાર્થીઓને કોલેજ સ્ટાફ તથા અમરેલી કેળવણી મંડળ ટ્રસ્ટીગણનાં ખુબ ખુબ હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# બગસરામાં પત્રકાર સંઘ દ્વારા સાતલડી નદી ઉંડી ઉતારવાની કામગીરી શરૂ






બગસરા, તા. ૧૮

બગસરામાં પત્રકાર સંઘ દ્વારા પવિત્ર સાતલડીસ નદી ઉંડી ઉતારવાની કામગીરી માટે મુર્હુત કરાયું. આ કાર્યક્રમમાં મોટી હવેલીના બાવાશ્રી રામેશ્વર બાવા શ્રી નુતન સ્વામી નારાયણ મંદિરનાં સંતો અદ્‌ભૂત સ્વામી તેમજ સામાજિક કાર્યકર્તા દેવચંદભાઈ સાવલિયા તેમજ પત્રકારો તેમજ આપાગીગાની જગ્યાનાં કોઠારી શ્રી હરિબાપુએ પણ હાજરી આપી હતી. બગસરાના નગરપાલિકાના ઉપપ્રમુખ રાજુભાઈ ગીડા તેમજ પત્રકાર સંઘના પૂર્વ પ્રમુખ રાજુભાઈ બામટાએ હાજરી આપી હતી અને સંતો–મહંતો દ્વારા પૂજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં બગસરા સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ડો. કિશોરભાઈ રાઠોડ, વિઠ્ઠલભાઈ હીરાણી, ગૌરાંગભાઈ ચુડાસમા, અતુલભાઈ ખુંટ, દિનેશભાઈ હડિયલ સહિતનાં ઉપસ્થિત રહ્યાં હતા.

# ખોડલધામનાં નેતૃત્વમાં વિદેશ જતાં બાળકોને તમામ મદદ કરવી જરૂરી

**મંતવ્ય**



**વલ્લભભાઇ રામાણી**
**પટેલ સંકુલ – અમરેલી**

છેલ્લા વર્ષોમાં ગુજરાતમાં યુવાનો દેશમાં પોતાનો અભ્યાસ પુર્ણ કરી વિદેશમાં પોતાની કારકીરદી બનાવવા જઈ રહયા છે. એ સારીવાત છે. પરંતુ જાણવા મળ્યા મુજબ વિશ્વ ઉમિયા ધામ દ્વારા વિદેશમાં જતા યુવાનોને ત્યાં મદદ તેમજ માર્ગદર્શન આપવા માટે આહવાન કરેલ છે. એરપોર્ટ પર લેવા જવા ત્યાં રહેવા જમવાની વ્યવસ્થા ઉપરાંત તેમજ જોબ મળે તેમાં પણ મદદરૂપ થવું સારી વાત છે. અભિનંદનને પાત્ર છે. તો આ બાબતે અમેરિકામાં, કેનેડા, ઓસ્ટેલિયા, યુકે, વસતા લેઉવા પાટીદાર સમાજે ખોડલધામનાં નેતૃત્વમાં ગુજરાતમાંથી આવતા યુવાનોને આ રીતે ગુજરાતનાં યુવાનોમાં કાર્ય ક્ષમતા છે. પરંતુ માર્ગદર્શન અને પરદેશમાં આવતા યુવાનોને દિશા સુચક બનશે. તો પરદેશ વસતા દેશ વાસીઓ પ્રત્યે અને માતૃભૂમિનું ઋણ અદા કરવાનો અહેસાસ થશે અને એક ચિનગારી બની જવાથી ઘણા યુવાનો વિદેશમાં પોતાની કારકીર્તિ બનાવી શકશે. દેશ–વિદેશોમાં પાટીદાર સમાજ દ્વારા ધાર્મિક સામાજિક ઉત્સવો ઘણા કાર્ય કરવામાં આવે છે. સારી વાત છે તેનો કોઈ વિરોધનથી પરંતુ આપણી યુવા પેઢીને સમાજનાં સંગઠનો દ્વારા યુવાનો માટે કાંઈક કરવાનો સમય આવી ગયો છે.

# અમરેલીમાં સેશન્સ જજ આર.ટી. વચ્છાણીનો વિદાયમાન સ્નેહોત્સવ યોજાયો



અમરેલીનાં પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજની રાજકોટ મુકામે બદલી થયેલ હોય, તેમજ જીલ્લાનાં અન્ય જજે સાવરકુંડલાનાં એડિશનલ જજ ભૂમિકાબેન ચંદારાણા તથા ધારીનાં એડિશનલ જજ કમલેશભાઈ પટેલ, તેમજ રાજુલાના સિવિલ જજ(એસ.ડી) તથા લાઠીના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ જી.એસ. પવારની બદલી થતાં તેઓને ભવ્ય વિદાઈ સમારંભ અમરેલી વકીલ મંડળ દ્વારા કોર્ટ કમ્પાઉન્ડમાં સ્નેહોત્સવનું આયોજન કરેલ હતું. જે વિદાઈ સમારંભમાં તેઓનું શાલ ઓઢાડી તથા પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવેલ હતા. તેમજ આ તકે વિદાઈમાનમાં સ્વાગત પ્રવચન વકિલમંડળનાં સેક્રેટરી સાજીદખાન પઠાણ દ્વારા કરવામાં આવેલ હતું તેમજ પ્રસંગોસ્ચિત પ્રવચન વિદ્વાન તથા સિનિયર વકિલો ગિરીશભાઈ દવે, ફારૂકભાઈ મુસાણી, અજયભાઈ પંડયા, તેમજ જિલ્લા સરકારી વકીલ જયેન્દ્રભાઈ રાજયગુરૂ દ્વારા પ્રવચન આપવામાં આવેલ. તેમજ પ્રત્યુત્તરમાં તેઓએ અમરેલી વકીલ મંડળ દ્વારા બાર અને બેન્ચનો સમન્વય જળવાય તે રીતે કામગીરી કરતાં હોય તેવી પ્રસંશા વ્યકત કરેલી. આ તકે સમગ્ર કાર્યક્રમમાં વિદ્વાન વકીલ ગીરીશભાઈ દવે, દિનેશભાઈ ભટ્ટ, જે.પી. ત્રિવેદી, વી.આર.ચાંવ, હરેશભાઈ ધાનાણી, પિયુષભાઈ શુકલ, વિકાસભાઈ વડેરા, મમતાબેન ત્રિવેદી, હિતેન્દ્રભાઈ સોલંકી, ફારૂકભાઈ મુસાણી, યુવરાજસિંહપલવાર, સુનિલભાઈ રાજયગુરૂ, તેજસભાઈ ઢોણે, ભરતભાઈ ચાવડા, શારદાબેન ડાભી, નિકુબેન પંડયા, બીનાબેન રાણવા, ભારતીબેન પંડયા, વિજયભાઈ લચ્છા, ભાવેશભાઈ કણઝારીયા, વિવેકભાઈ રાજયગુરૂ, જગદીશભાઈ ખુમાણ, આર.ડી. માધડ, રમેશભાઈ ખીમસુરીયા, ધીરૂભાઈ અમરેલીયા, એલ.એન. દેવમુરારી, ગૌતમભાઈ રાઠોડ, પિયુભાઈ બાંભણીયા, જીતેન્દ્રભાઈ ગોહિલ, રોનિભાઈ રાવળ , રાહિલભાઈ દોઢીયા, ઈમરાનભાઈ, વનરાજભાઈ વાળા, દિલીપભાઈ પાઠક, રાજુભાઈ, અરવિંદભાઈ ગૌસ્વામી, નિર્મળભાઈ બગડા, વિજયભાઈ સરવૈયા, હિરેનભાઈ કાલાવડીયા, એ.સી. વરીયા, પ્રિયકાંતભાઈ વાઘેલા, જીગરભાઈ મલકાણ, ઉમેશભાઈ તેરૈયા, અમિતભાઈ ભટ્ટ, હિતેન્દ્રભાઈ મંડોરા, મનજીભાઈ બારૈયા, મુસ્તાકભાઈ તૈલી, કે.વી. કેશરીયા, હાર્દીકભાઈ લચ્છા, સંજયભાઈ મહેતા, વિમલભાઈ ભટ્ટ, જીવરાજભાઈ પરમાર તેમજ પિન્ટુભાઈ ગોરખીયા અને જુનિયર તેમજ સિનિયર વકિલો હાજર રહેલા હતા. આ આયોજનમાં વકીલમંડળનાં પ્રમુખ ચંદ્રેશભાઈ મહેતા, ઉપપ્રમુખ હિંમતલાલ સોલંકી, ઉપપ્રમુખ હિરેન્દ્રભાઈ વાળા, સેક્રેટરી સાજીદખાન પઠાણ, મહિલા સેક્રેટરી વર્ષાબેન ગોસાઈ, જોઈન્ટ સેક્રેટરી ચંદ્રેશભાઈ રાઠોડ તથા કારોબારી સભ્યો દ્વારા સમગ્ર કાર્યક્રમમાં જહેમત ઉઠાવેલ. આ કાર્યક્રમનાં પ્રોજેકટ કન્વીનર તરીકે વિદ્વાન ધારાશાસ્ત્રી અજયભાઈ પંડયા તથા તેમનાં સહયોગમાં ઉપપ્રમુખ હિંમતલાલ સોલંકી તથા સેક્રેટરી સાજીદખાન પઠાણ અને વકીલ મંડળનાં સભ્ય જે.આર. વાળાએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવેલ.

# ધારીનાં એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ કે. એસ. પટેલની બદલી થતાં વિદાયમાન સમારોહ યોજાયો









ધારીનાં એડિશનલ ડિસ્ટ્રીક એન્ડ સેશન્સ જજ કે.એસ.પટેલ સરની કપડવંજ ખાતે બદલી થતાં ધારી ખાતે વિદાયમાન સ્નેહોત્સવ યોજાયો હતો. જેમાં ધારી બાર એસોશીએશન દ્વારા કે. એસ.પટેલની કામગીરી ને બિરદાવી સન્માન પત્ર તેમજ શાલ ઓઢાડી, પુષ્પ ગુચ્છ અને મોમેન્ટો આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. તેમજ ધારી ન્યાય મંદિરનાં તમામ સ્ટાફે પુષ્પ–ગુચ્છ, શાલ ઓઢડી તેમજ મોમેન્ટો આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ધારી બાર એસોશીએનના પ્રમુખ વી.એ.વાળા તથા ઉપપ્રમુખ સલીમભાઈ તેમજ અન્ય તમામ હોદેદારો તથા તમામ સભ્યો હાજર રહયા હતા. અને સ્વાગત પ્રવચન આપેલું તેમજ સરકારી વકીલ વી.ડી.વડેરા તથા સકસેના સર તેમજ ન્યાય ખાતાનાં તમામ કર્મચારીઓ હાજર રહયા હતા.

## સા.કુંડલા : ઈ–શ્રમ કાર્ડમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મચારીઓનું ડીડીઓ દ્વારા સન્માન





સાવરકુંડલા, તા. ૧૮

ભારત સરકાર દ્વારા અસંગઠિત ક્ષેત્રના કામદારો, બાંધકામ કામદારો, સ્થળાંતર કામદારો, રત્નકલાકારો, શેરી વિક્રેતાઓ, ઘરેલું કામદારો, કૃષિ કામદારો વગેરે ગરીબી રેખા નીચે જીવતા લોકોને સરકાર દ્વારા બે લાખ રૂપિયાનો વીમો તથા રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા મળતી સહાયમાં અગ્રતા આપવા ઈશ્રમ કાર્ડ કાઢવામાં આવ્યા હતા. જેમાં અમરેલી જીલ્લામાં સૌથી વધુ ઈ–શ્રમ કાર્ડ કાઢી પ્રથમ ક્રમે સાવરકુંડલા, અમરેલી, રાજુલા તાલુકાના ટી.એલ.ઈ. અને ગ્રામ પંચાયતના ઓપરેટરોને જીલ્લા વિકાસ અધિકારી ગુરવ દિનેશ, રમેશ તથા નાયબ જીલ્લા વિકાસ અધિકારી સી.ડી.રાઠવાના હસ્તે શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મચારીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા ગુજરાત રાજયમાં અમરેલી જીલ્લાએ ઈ–શ્રમ કામગીરી રાજયકક્ષાએ ઉતમ કામગીરી કરવામાં આવી હતી.

સાવરકુંડલા તાલુકા વિકાસ અધિકારી કે.પી.પરમારના સતત મોનિટરિંગ કરી જીલ્લામાં પ્રથમ ક્રમ મેળવી ટીએલઈ સાવરકુંડલાને પ્રમાણપત્રો સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે ઈ–ગ્રામ જીલ્લાના ડીએલઈ જયંતિભાઈ સોંદરવા, જીલ્લા ટેક્નિકલ ડિસ્ટ્રીકટ મેનેજર ઉદયભાઈ વાવડિયા સહિતના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અમરેલી જીલ્લામાં ઈ–શ્રમ કાર્ડ માટે દરેક ગ્રામપંચાયતના વી.સી.ઈ. દ્વારા કચેરી ખાતે લોકોના ઘરે ઘરે જઈ, રાત્રી કેમ્પો કરી ઈ–શ્રમ કાર્ડ કાઢવામાં આવ્યા હતા. જેનું સતત મોનીટરીંગ અને ટેક્નિકલ સપોર્ટ કરનાર ટી.એલ.ઈ. સંજયભાઈ પંડયા, ઓઢભાઈ ભુકણ અને અમિતગીરી ગોસ્વામીને જીલ્લા વિકાસ અધિકારીના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

## સા.કુંડલામાં મીશન લાઈફ કાર્યક્રમનું લોન્ચીંગ કરાયું





સાવરકુંડલા, તા.૧૮

પર્યાવરણની સતત ચિંતા કરતા ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તાજેતરમાં મિશન લાઈફ વર્ષ ૨૦૨૨–૨૩ થી વર્ષ ૨૦૨૭–૨૮ ના સમયગાળામાં પર્યાવરણના રક્ષણ અને સંરક્ષણ માટે વ્યકિતગત અને સામૂહિક પગલાં લેવા માટે ઓછામાં ઓછા એક અબજ ભારતીયો અને અન્ય વૈશ્વિક નાગરિકોને એકત્રિત કરવાના ઉદ્દેશ્ય સાથે ડિઝાઈન કરવામાં આવ્યું છે. ભારતની અંદર વર્ષ–૨૦૨૮ સુધીમાં તમામ ગામડાઓ અને શહેરી સ્થાનિક સંસ્થાઓમાંથી ઓછામાં ઓછા ૮૦% પર્યાવરણને અનુકૂળ બનવાનું લક્ષ્ય છે. સંયુકત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (યુ.એન.ઈ.પી.) અનુસાર, જો આઠ અબજની વૈશ્વિક વસ્તીમાંથી એક અબજ લોકો તેમના રોજિંદા જીવનમાં પર્યાવરણને અનુકૂળ વર્તન અપનાવે તો વૈશ્વિક કાર્બન ઉત્સર્જનમાં આશરે ૨૦ ટકાનો ઘટાડો થઈ શકે છે.

મિશન લાઈફ અભિયાન અંતર્ગત સાવરકુંડલા શહેરના મુખ્ય માર્ગો પર જન જાગૃતિ માટે સાઈકલ યાત્રા કાઢવામાં આવી હતી. વન વિભાગ નોર્મલ રેન્જ સાવરકુંડલા દ્વારા આગામી તારીખ : ૨૭/૫/૨૦૨૩ના રોજ પર્યાવરણને બચાવવા તથા જન જાગૃતિ માટે મહાસાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટ – સાવરકુંડલા સહયોગી સંસ્થા તથા આ મહાસાઈકલ રેલીમાં રાજકીય અગ્રણીઓ, પત્રકાર મિત્રો, સરકારી અધિકારીઓ તથા જાહેર જનતા જોડાશે.

## અમરેલી ખાતે 'માસિક ધર્મ સ્વચ્છતા' અંગે મહિલા જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો





અમરેલી, તા.૧૮

સમગ્ર વિશ્વ ૨૮ મે ના દિવસે માસિક ધર્મ સ્વચ્છતા દિવસની ઉજવણી કરે છે. ત્યારે તે અનુસંધાને તા.૧૭/૫/૨૦૨૩નાં દિવસે અમરેલીનાં શેલ્ટર હોલ ખાતે જી૧૦૦ ગ્લોબલ અને નાથ સંસ્કૃતિ સેવા સંસ્યાની તેમજ અમરેલી નગર પાલિકાનાં સંયુકત ઉપક્રમે માસિક ધર્મ સ્વચ્છતા અને પોતાનાં આરોગ્ય પ્રત્યેની સારી સાર સંભાળ મળવે તે અર્થે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં નાથ સંસ્કૃતિ સેવા સંત્યાનનાં સેક્રેટરી સરિચતાબેન યોગી દ્વારા મહિલાઓને માસિક ધર્મ અંગે ગેરમાન્યતાઓ છોડીને સોથ રાખવા બાબતે મુકતપવો વાતચીત કરવી તેમજ કિશોરીઓને પરિવારની અન્ય મહિલાઓએ માર્ગદર્શન પુરૂ પાડી તેની મુઝવણોનેદુર કરવા જવાવ્યું હતું. માલિક ધર્મ દરમિયાન રાખવાની કાળજી. તેમજ સેનીટરી પેડનો જ ઉપયોગ કરવાની ભલામણ કરી હતી. ઉપસ્થિત ૧૨૦ મહિલાઓને સેનીટરી પેડના વિભાગ કરાયું હજી કાર્યક્રમમાં પુર્વ પ્રમુખ નગરપાલિકા તેમજ હાલ સદસ્ય અલ્કાબેન ગોંડલિયાએ હાજરી આપી હતી. તેમજ સંસ્થાનાં સહયોગી ધ્યાન અંજલીજી અને નિર્દોષરાજ વેદાંતે હાજરી આપીને કાર્યક્રમને માર્ગદર્શક રૂપ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન રમેશભાઈ ડી.ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સા.કુંડલાનાં ઓળીયામાં નિમ્બાર્ક આશ્રમ ખાતે રકતદાન કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા તાલુકાના ઓળીયા મુકામે શ્રી નિમ્બાર્ક આશ્રમ, રાધે શ્યામ મંદિર આયોજિત શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ મહોત્સવમાં શ્રીમતી શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ અમરેલીના સહયોગથી રકતદાન કેમ્પ યોજાયો. સાવરકુંડલા તાલુકાના ઓળીયા મુકામે શ્રી નિમ્બાર્ક આશ્રમ, રાધેશ્યામ મંદિર, ઓળીયા આયોજિત શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ મહોત્સવમાં શ્રીમતી શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ અમરેલીના સહયોગથી રકતદાન કેમ્પ યોજાયો.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### સમગ્ર મામલો રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગમાં પહોંચ્યો

## અમરેલીનાં દલિત યુવકની પાંચ વર્ષ પહેલા થયેલ હત્યા બાદ પરિવારજનોની પુનઃવસનની માંગણી

### કલેકટર અને પોલીસ અધિક્ષકે એકશન રિપોર્ટ રજૂ કર્યો

અમરેલી, તા. ૧૮

અમરેલીમાં મહેશભાઈ રતિલાલ ઝાલાની ૨/૧૦/૨૦૧૮નાં રોજ થયેલ હત્યા બાદ ભોગ બનેલ પરિવારનું અત્યાચાર ધારાનાં નિયમો ૧૯૯૫નાં નિયમ ૧૫ મુજબ પુનઃવસન કરવાની માંગણી રાજય સરકાર સમક્ષ કરવામાં આવેલ હતી. પરંતુ કોઈ જવાબ ન મળતા આ બાબતે માનવ અધિકાર ભંગની ફરિયાદ કરવામાં આવેલ હતી.

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ, દિલ્હી દ્વારા અમરેલી જીલ્લા કલેકટર અને જીલ્લા પોલીસ અધિક્ષકને ચાર અઠવાડિયામાં જવાબ આપવા નોટિસ પાઠવી હતી. જે સમય મર્યાદામાં જવાબ ન મળતા આયોગે સમન્સ પાઠવ્યા બાદ બંને અધિકારીઓએ સેપરેટ પોતાના એકશન ટેકન રિપોર્ટ દિલ્હીની આયોગની ઓફિસમાં જમા કરાવ્યા હતા. આ એકશન ટેકન રિપોર્ટ અંગે કંઈ પણ ટિપ્પણી કરવી હોય તો કરી શકાય તે માટે ચાર અઠવાડિયાનો સમય ફરિયાદીને આપેલ છે. જે આગામી સમયમાં કેસનો સ્ટડી કરી જવાબ આપી કેસને હાઈકોર્ટમાં

# સા.કુંડલામાં જીઆઈડીસીની મંજુરી મળતા ધારાસભ્યનું થયું સન્માન









સાવરકુંડલા લીલીયા વિધાનસભા બેઠકના ધારાસભ્ય મહેશ કસવાલાની જહેમતથી સરકાર દ્વારા જી.આઈ.ડી.સી. સૈદ્ધાંતિક મંજૂરી મળતા પ્રથમવાર ચેમ્બર ઓફ કોમર્સ, વેપારી મહા મંડળ, અને કાંટા ઉધોગકારો દ્વારા ધારાસભ્ય કસવાલાનું પેંડા ખવરાવીને મોં મીઠું કરાવીને સન્માન કરી પ્રાણ પ્રશ્નોના નિરાકરણ લાવવામાં અવ્વલ નંબરે પાસ થયેલા કસવાળાને વેપારીઓએ બિરદાવ્યા હતા. ત્યારે કાળઝાળ ઉનાળાના ધોમધખતા તાપમાં બપોરે એક વાગ્યે સાવરકુંડલાના સાંસદ કાર્યાલય ખાતે મહેશભાઈ કસવાલાને વેપારીઓ અને કાંટા ઉઘોગકારો દ્વારા સન્માનિત બેઠક યોજવામાં આવી હતી. આ તકે પ્રથમ વાર ચૂંટણી લડવા આવેલા ઉમેદવાર મહેશ કસવાળલએ ત્યારે પણ કહેલું કે એક તક આપશો તમારા દરેક પ્રશ્નોના નિરાકરણની જવાબદારી મારી રહેશે. જેમાં પ્રથમ પ્રાયોરીટી પાણી, બાયપાસ, જી.આઈ.ડી.સી. અને નવલગંગા ગણાતી નાવલી નદી ખાતે રિવરફ્રન્ટ બનાવવાની વાત કરી. તેમાં પાણી માટે આજે સાવરકુંડલા–લીલીયા વિસ્તારોમાં ૮૭ જગ્યાએ ચેકડેમો ઉંડા ઉતારીને પાણી સંગ્રહની પ્રક્રિયા વેગવંતી કરી છે. બાયપાસનો પ્રશ્ન શરૂ થતા સોલ્વ કરી દિધો'તો. રિવરફ્રન્ટ માટે સરકારની મંજૂરી સાથે બત્રીસ કરોડ જેવી રકમ મંજૂર કરાવી દીધી બાદ વિશ્વભર સાથે દેશભરમાં જેનાથી ખ્યાતિ સાવરકુંડલા શહેરને મળી છે તે કાંટા ઉઘોગ માટે જી.આઈ.ડી.સી. લાવવાની કરેલી વાતને આજે બેઠકમાં ધારાસભ્ય કસવાલાએ દોહરાવી હતી કે આવીને પહેલી પ્રાધાન્યતા આપવાની હતી. તે લગભગ સરકારમાંથી મંજૂરી અનેગાંધીનગરના ધક્કા ખાવાની પ્રકરણ પૂર્ણ થયું છે ને સરકાર દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી મળી તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે ભાજપની સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો બાદ કાંટા ઉઘોગ સાથે ખેતી ઓજારો, હીરા ઉદ્યોગ માટે જી.આઈ.ડી.સી. જરૂરી હતું. અગાઉના જે કોઈ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનીધિઓ જે કર્યુ તે પણ આજે જે સરકારમાંથી લાવવાની પ્રક્રિયા પૂર્ણ થઈ છે હવે જમીન સંપાદન બાદ જમીન જી.આઈ.ડી.સી.ને સોંપીને ઈન્ફ્રાસ્ટકચર કામગીરી સાથે બહુ બહુ તો ત્રણ વર્ષના ગાળામાં સાવરકુંડલા જી.આઈ.ડી.સી. સ્થપાશે. તેમાં કોઈ બે મત નથી હવે વેપારીઓ અને ઉઘોગકારો દ્વારા સાવરકુંડલા લીલીયા વિસ્તારોમાં રોજગારી વધુને વધુ લોકોને મળી રહે તે માટે વિચારવાનો સમય પાકી ગયો છે. કાંટા ઉઘોગ સાથે ખેતી ઓજારો બનાવવાના કારખાનાઓ પણ સાવરકુંડલા શહેરમાં વધુ છે. ત્યારે લોકોની સુખાકારી માટે ધારાસભ્યપદ સુધી પહોંચેલા મહેશ કસવાલાએ ૫ વર્ષમાં જે રોડ રસ્તાઓ, નવા સ્ટ્રકચરો, ભૂગર્ભ ગટર યોજનાનું ગંદા પાણીમાંથી શુદ્ધિકરણ કરીને પાણીનો પ્રશ્ન હલ કરવા માટે મહેશ કસવાલાએ કરેલી મહેનતએ સાવરકુંડલા–લીલીયાની જનતા જનાર્દનની જહેમત ગણાવી હતી. પ્રજાના કામ માટે ચૂંટાઈને આવ્યો છું કોઈની લીટી ટુંકી કરીને આક્ષેપ પ્રતિ આક્ષેપ કરીને વિપક્ષના વિરોધી સામે કાદવ ઉછાળવા કરતા કાદવમાં કમળ ખીલવવામાં માનતા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સન્માન કરતા કામ કરવામાં સહયોગ આપવાની અપીલ કરી હતી ને તમારો કિમતી મત રૂપી આશીર્વાદનો ઋણી બનીને સાવરકુંડલા લીલીયા વિસ્તારના લોકોની સેવામાં આપેલા પાંચ વર્ષમાં સાવરકુંડલાને સૂવર્ણ કુંડલા બનાવવામાં સેવાના સારથી બનીને કામ કરવામાં સહયોગ આપવાની અપીલ મહેશ કસવાળાએ કરી હતી ને સન્માનના સાચા હકદાર સાવરકુંડલા લીલીયાની પ્રજાને ગણાવી હતી. ત્યારે ધારાસભ્ય મહેશ કસવાલાના સન્માનિત કરવાના કાર્યક્રમ બેઠકમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મહેશ મશરૂં, વેપારી મહામંડળના પ્રમુખ રાજુભાઈ દોશી, પાલિકાના ઉપપ્રમુખ જયસુખ નાકરાણી, અમરેલી જિલ્લા વેપારી મહામંડળ ના ઉપપ્રમુખ રાજુભાઈ શિંગાળા, જગદીશભાઈ માધવાણી, લાયન્સ કલબના પ્રમુખ કરશનભાઈ ડોબરીયા, ચંન્દ્રકાંતભાઈ ભરખડા, રસિકભાઈ વેકરિયા, ઘનશ્યામભાઈ ઠુમ્મર, ભાવેશભાઈ ગાબાણી, સાવરકુંડલા ઉદ્યોગ એસોસિયેશન પ્રમુખ કેતનભાઈ ત્રિવેદી, વિપુલભાઈ મકવાણા, નિકુંજભાઈ કારેલિયા, ધર્મેશ ચુડાસમા, મયુર રાઠોડ સહિતના વેપારીઓ ખાસ ઉપસ્થિત રહીને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની કામ કરવાની કુનેહને વખાણી હતી ને વિકાસલક્ષી કામગીરી આગળ ધપાવવામાં સંગાથે ઉભા રહેવાનો કોલ વેપારીઓએ આપ્યો હતો.

# બાબરાના રામેશ્વર મહાદેવના મંદિરમાં બ્લોક અને દીવાલનું કામ કરાયું



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં વોર્ડ નંબર ૧ માં રામનગર વિસ્તારમાં આવેલ શ્રી રામેશ્વર મહાદેવના પૌરાણિક મંદિરનો વિકાસ નગરપાલિકા દ્વારા કરવામાં આવતા સ્થાનિક લોકો તેમજ ભવિકોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી. અહીં મંદિરમાં આવેલ મેદાનમાં બ્લોગ તેમજ દીવાલ બનાવામાં આવશે. રૂા. ૨૧ લાખના ખર્ચે રામનગર વિસ્તારમાં આવેલ અતિ પૌરાણીક શિવાલયનો વિકાસ કરવાનો સંકલ્પ નગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું હતું જેનું પૂર્વ આયોજન કરી આજે ભૂમિપૂજન કરી કામગીરીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. નગરપાલિકા પ્રમુખ લલિતભાઈ આંબલિયા, વોર્ડ સભ્ય ધર્મેશભાઈ વાવડીયા, બાવકુભાઈ બસિયાના વરદ્હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ તકે નગરપાલિકા કારોબારી સમિતિમાં ચેરમેન ભુપતભાઈ બસિયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, રસિકભાઈગોજારીયા, રમેશભાઈ સાગડીયા, રાજુભાઈ રંગપરા, ગોવિંદભાઈ બાવળિયા સહિતના સ્થાનિક વોર્ડ વિસ્તારમાંના ભાઈઓ–બહેનો અને ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


**ICSE દિલ્હી બોર્ડ – SSC સંકુલ પરિણામ ૯૫%**

★ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ ધો. ૧૦ (ICSE) – બોર્ડ નું પરિણામ 98.94% જ્યારે સંકુલ પરિણામ 95.45%

સંકુલ રેન્કર ★ હરસોરા ક્રિશ – ૯૦.૦૦% ★ ભદાદા મિતાલી – ૭૯.૫૦% ★ ચાવડા હિરવા – ૭૯.૩૩%

★ શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત–સંચાલિત ★

★ શ્રીમતી એસ.એમ.વઘાસીયા ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ★ સ્થળ:– શ્રીમતી એસ. એચ. ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી ★ ફોન.૦૨૭૯૨–૨૩૨૩૨૧ થી ૨૫

Ad023


## અવસાન નોંધ

**જાફરાબાદ :** વિક્રમસિંહ શિવુભા જાડેજા તે વિરેન્દ્રસિંહ, ક્રિપાલસિંહનાં પિતાજીનું તા. ૧૬/૫/૨૩નાં રોજ દુઃખદ અવસાન થયેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૫૦૫ | ૧૫૦૫ |
| ૨ | મગફળી | ૯૦૫ | ૧૩૨૮ |
| ૩ | ઘઉં | ૪૨૦ | ૪૨૦ |
| ૪ | ચણા | ૮૯૦ | ૯૨૨ |
| ૫ | તુવેર | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૬ | ધાણા | ૧૦૦૦ | ૧૧૧૦ |
| ૭ | મગ | ૧૬૦૭ | ૧૬૦૭ |
| ૮ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૬૦૧ |
| ૯ | જુવાર | ૭૧૦ | ૭૧૦ |
| ૧૦ | શીંગ ફાડા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૧ | મેથી | ૯૦૦ | ૧૧૦૦ |
| ૧૨ | અજમા | ૧૯૭૦ | ૧૯૭૦ |
| ૧૩ | સુવાદાણા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૧૪ | રાઈ | ૯૪૦ | ૧૦૮૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૦૦ | ૧૪૪૦ |
| ૨ | શિંગ મોટી | ૮૦૦ | ૧૪૬૬ |
| ૩ | શિંગદાણા | ૧૩૫૦ | ૧૮૮૨ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૬૨૫ | ૧૮૧૧ |
| ૫ | તલ સફેદ | ૧૭૦૦ | ૩૦૪૦ |
| ૬ | તલ કાળા | ૨૧૯૦ | ૨૮૫૪ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૮૯૯ | ૨૯૭૨ |
| ૮ | બાજરો | ૩૪૨ | ૪૫૨ |
| ૯ | જુવાર | ૩૫૬ | ૯૪૦ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૩૭૦ | ૬૨૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૩૮ | ૪૭૩ |
| ૧૨ | મગ | ૧૨૧૫ | ૧૯૦૫ |
| ૧૩ | ચણા | ૬૪૭ | ૯૫૬ |
| ૧૪ | તુવેર | ૭૦૭ | ૧૬૪૦ |
| ૧૫ | કપાસ | ૧૦૮૦ | ૧૫૨૯ |
| ૧૬ | એરંડા | ૮૫૦ | ૧૧૨૫ |
| ૧૭ | જીરૂ | ૫૭૦૦ | ૮૬૯૦ |
| ૧૮ | ધાણા | ૮૦૦ | ૧૨૭૩ |
| ૧૯ | ધાણી | ૧૧૧૦ | ૧૬૫૦ |
| ૨૦ | અજમા | ૨૩૪૮ | ૨૫૪૦ |
| ૨૧ | મેથી | ૮૦૦ | ૧૧૭૫ |
| ૨૨ | સોયાબીન | ૯૪૦ | ૯૭૭ |

## કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા ટાસ્કફોર્સ ઈમ્યુનાઈઝેશનની બેઠક યોજાઈ

### ૦–૫ વર્ષના બાળકોને પોલિયો રસી આપી રક્ષિત કરાશે

અમરેલી, તા. ૧૮

જિલ્લામાં આગામી રૂટિન રસીકરણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા ટાસ્કફોર્સ ઈમ્યુનાઈઝેશનની બેઠક યોજાઈ હતી. બેઠકમાં રૂટિન ઈમ્યુનાઈઝેશનની સમીક્ષા કરવામાં આવી હતી. ડિસેમ્બર–૨૦૨૩ MR Elimination અંગે પણ સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લામાં મિઝલ્સ અને રૂબેલા રસીકરણ કામગીરી માટે આયોજન કરી તેના અમલીકરણ માટે ભાર આપવામાં આવી રહ્યો છે. બેઠકમાં સબ સઘન પોલિયો રસીકરણ મે–૨૦૨૩ એકશન પ્લાન વિષયક વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં આગામી તા.૨૮ મે, ૨૦૨૩ થી ૦–૫ વર્ષના બાળકોને પોલિયો રસી આપવામાં આવશે. ઉપરાંત આ અભિયાનમાં એકશન પ્લાન મુજબ જિલ્લાના કુલ ૧૧ તાલુકામાં ૮૦૭ બુથ પર ૧ લાખ ૨૪ હજાર કરતાં વધુ બાળકોને આવરી લેવામાં આવશે. વીપીડી સર્વેલન્સ બાબતે પણ ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, જિલ્લા આરોગ્ય શાખા, જિલ્લા પંચાયતના જિલ્લા આરોગ્ય અધિકારી ડો.આર.એમ.જોષી સહિતના અધિકારીઓ અને સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૫૦ | ૧૫૫૫ |
| ૨ | મગફળી | ૧૨૫૫ | ૧૩૬૫ |
| ૩ | તલ સફેદ | ૨૩૬૦ | ૨૬૬૦ |
| ૪ | ઘઉં | ૪૧૦ | ૫૩૦ |
| ૫ | ચણા | ૯૧૩ | ૯૮૭ |
| ૬ | મેથી | ૧૦૧૦ | ૧૧૨૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ નવી ઉનાળુ | ૧૨૦૩ | ૧૫૬૧ |
| ૨ | શીંગ જીણી | ૧૧૭૫ | ૧૪૦૧ |
| ૩ | શીંગ મોટી | ૧૦૭૧ | ૧૪૪૧ |
| ૪ | તલ સફેદ | ૨૩૫૦ | ૨૭૨૦ |
| ૫ | તલ કાળા | ૨૪૦૦ | ૨૭૧૧ |
| ૬ | જીરૂ | ૭૫૦૦ | ૮૮૧૧ |
| ૭ | કપાસ | ૧૨૫૧ | ૧૪૮૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૮ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૨૭ | ૫૪૦ |
| ૧૦ | બાજરો | ૩૦૦ | ૪૬૫ |
| ૧૧ | જુવાર | ૫૦૦ | ૮૪૯ |
| ૧૨ | મકાઈ | ૪૫૦ | – |
| ૧૩ | મગ | ૧૫૭૫ | ૧૮૦૧ |
| ૧૪ | વાલ | ૨૦૦૦ | ૨૩૪૦ |
| ૧૫ | અજમા | ૧૧૦૦ | ૨૪૦૦ |
| ૧૬ | ચણા સફેદ | ૧૦૦૦ | ૧૧૫૧ |
| ૧૭ | ચણા | ૮૫૦ | ૯૬૫ |
| ૧૮ | દેશી ચણા | ૧૦૨૦ | ૧૧૧૦ |
| ૧૯ | તુવેર | ૧૩૧૧ | ૧૭૫૦ |
| ૨૦ | એરંડી | ૯૫૦ | ૧૧૧૦ |
| ૨૧ | મેથી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૨૨ | અડદ | ૧૫૮૦ | – |
| ૨૩ | ધાણા | ૯૫૦ | ૧૧૫૨ |
| ૨૪ | સોયાબીન | ૯૦૦ | ૯૬૩ |

પાના ૮ ઉપરનું ચાલું **આપની દિવ્ય શકિતથી ખેડૂતોને**

કપાસનાં ભાવ રૂા.૧૫૦૦ ની જગ્યાએ રૂા.૨૪૦૦ આપીશું પરંતુ તેમાનું આજે કશું પણ દેખાઈ રહયું નથી. આમ જનતાને, ખેડૂતોને, મધ્યમવર્ગનાં ગરીબ લોકોને પોતાનું જીવન નિર્વાહ માટે મુશ્કેલીઓ પડી રહી છે. ત્યારે આપની દિવ્યશકિત દ્વારા ગુજરાતના ખુડૂતોને કપાસનાં ભાવ રૂા.૧૫૦૦ માંથી રૂા. ૨૪૦૦ આ સરકાર આપશે? કયારે મળશે? તેમની આપ દ્વારા પરચીઓ ખોલીને આ ગુજરાતની જનતાને જણાવશો તેમ અંતમાં જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **બાબરા : ચરખા–રાયપર માર્ગનું**

સ્થાનિક ગામના લોકો તેમજ અન્ય રાહદારીઓને માર્ગમાંથી પસાર થવામાં ભારે મુશ્કેલીઓ ઉભી થઈ રહી છે અને અકસ્માત સર્જાવાની ભીતિ પણ સતાવી રહી છે. ત્યારે તંત્ર ધ્વારા ચોમાસાની ઋતુ પહેલા માર્ગનું કામ શરૂ કરી પૂર્ણ કરવામાં આવે તેવી સામૂહિક માંગ ઉઠવા પામી હતી.

બાબરા તાલુકાનાં ચરખાથી રાયપર જતો માર્ગ બિસ્માર હોવાથી અહી નવો ડામર પેવર માર્ગ બનાવવાનું જિલ્લા પંચાયત ધ્વારા કામ શરૂ કરવામાં આવ્યું હતું પણ કયાં ચોઘડીયામાં કામ શરૂ થયું હતું કે વરસ થવા આવ્યા તેમ છતાં હજુ માર્ગનું કામ શરૂ નથી થયું તો પુરૂ કયારે થશે તેની ચિંતા રાહદારીઓને સતાવી રહી છે. બે ગામ વચ્ચે જોડતા માર્ગ ઉપર લોકો પસાર થઈ રહ્યા છે પણ કપચી પાથરેલ હોવાથી પસાર થવું ખૂબ જ મુશ્કેલી ભર્યુ તેમજ અકસ્માત સર્જાવાની પણ પુરે પુરી સંભાવના જોવા મળી રહી છે. ત્યારે જિલ્લા પંચાયતનાં તંત્ર ધ્વારા સ્થળ નિરીક્ષણ કરી તાકીદે માર્ગનું કામ શરૂ કરી પૂર્ણ કરવું જોઈએ તેવું લોકો ધ્વારા જણાવ્યું હતું.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૨૦ |
| ૨ | ધાણા | ૧૧૦૦ | ૧૧૮૮ |
| ૩ | ચણા | ૭૦૦ | ૯૪૮ |
| ૪ | ઘઉં લોકવન | ૪૦૧ | ૪૫૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૩૩ | ૪૩૮ |
| ૬ | તુવેર | ૯૦૦ | ૧૪૨૦ |
| ૭ | સોયાબીન | ૯૫૨ | ૯૫૨ |
| ૮ | શીંગ ફાડા | ૧૬૯૯ | ૧૬૯૯ |
| ૯ | ગમ ગુવાર | ૯૫૦ | ૯૫૦ |
| ૧૦ | સફેદ તલ | ૨૪૬૦ | ૨૬૪૧ |
| ૧૧ | લસણ | ૪૧૦ | ૪૧૦ |
| ૧૨ | ડુંગળી | ૫૩ | ૫૩ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | બાજરો | ૩૫૧ | ૪૯૦ |
| ૨ | જુવાર | ૩૫૦ | ૧૦૨૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૦૦ | ૪૫૧ |
| ૪ | મકાઈ | ૪૫૦ | ૪૫૦ |
| ૫ | મગ | ૧૬૦૦ | ૧૭૫૧ |
| ૬ | અડદ | ૧૬૨૬ | ૧૬૨૬ |
| ૭ | તુવેર | ૧૩૦૧ | ૧૪૭૫ |
| ૮ | ચણા | ૮૨૬ | ૯૨૫ |
| ૯ | મેથી | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ૧૦ | સોયાબીન | ૯૭૫ | ૯૭૫ |
| ૧૧ | શીંગ | ૧૩૪૧ | ૧૪૯૦ |
| ૧૨ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૬૮૪ |
| ૧૩ | તલ કાળા | ૨૩૦૧ | ૨૮૭૬ |
| ૧૪ | એરંડી | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૧૫ | કપાસ | ૧૦૦૦ | ૧૫૦૫ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં**

પાણીયારામાં પાણી પીવા જતાં ભુલથી ઝેરી જંતુનાશક દવાવાળા લોટામાં પાણી પી જતાં ઝેરી અસર થતાં તેમને દવાખાને ખસેડાતા ફરજ પરનાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

ત્રીજા બનાવમાં ધારી તાલુકાનાં નાગધ્રા ગામે રહેતા અશોકભાઈ ભીખાભાઈ દાફડા નામનાં ૨૬ વર્ષિય રત્ન કલાકારને પત્ની સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોય. જેથી તેઓ તા. ૧૫ નાં રોજ હીરાના કારખાનામાંથી કોઈને કહ્યા વગર જતાં રહ્યા હતા. ત્યારે તા. ૧૭નાં રોજ ધારી ગળધરા જવાના રસ્તા ઉપર આવકાર હોટલની પાછળ ધારનાં પેટાળમાંથી તેમનો મૃતદેહ મળી આવતા પોલીસે તપાસ હાથ ધરતા પોતે ઝેરી દવા પી લેતા તેમનું મોત થયાનું ધારી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **દેશમાં ''બેટી બચાવો'' સુત્રને**

કદાવર સાંસદનું નામ હોય જેથી મહિલા પહેલવાનોને એક એફઆઈઆર માટે સુપ્રીમ કોર્ટનાં દરવાજા ખખડાવવા પડયા બાદમાં ફરિયાદ નોંધાઈ. મહામુશ્કેલીએ ગંભીર ગુન્હાની ફરિયાદ નોંધાયા બાદ તપાસનીશ પોલીસ ટીમ ધ્વારા હજુ સુધી સાંસદનું નિવેદન પણ લેવામાં આવતું ન હોય નવી દિલ્હીનાં જંતરમંતર મેદાનમાં છેલ્લા એક મહિનાથી મહિલા પહેલવાનો ન્યાયની માંગ કરી રહી છે છતાં દેશનાં મહિલા કલ્યાણ મંત્રી કોઈ પ્રતિક્રિયા આપતા નથી.

સમગ્ર મામલો અતિ સંવેદનશીલ હોય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ પ્રકરણમાં મહિલા પહેલવાનોને ન્યાય મળી રહે તે માટે જરૂરી આદેશો કરવા જોઈએ તેવી માંગ હવે દેશભરમાંથી ઉભી થઈ રહી છે.


## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **મુકેશભાઈ કાનજીભાઈ દેસાઈ** રહે. સુરતવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

ચિતલ, તા. જિ. અમરેલી.
રે. સર્વે.નં. ૯ પૈકી બીનખેતી પ્લોટ નં. ૭૯
જેના ચો.મી. ૪૪૮–૩૫
બિનઅવેજી ફારગતી લેખ નં. ૨૫૨૦ તારીખ : ૨૬/૦૪/૨૦૨૩

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રી પાસે (૧) ધોળીબેન કાનજીભાઈ દેસાઈ (૨) જેરામભાઈ કાનજીભાઈ દેસાઈ (૩) અરવિંદભાઈ કાનજીભાઈ દેસાઈ (૪) અશોકભાઈ કાનજીભાઈ દેસાઈ (૫) લાભુબેન કાનજીભાઈ દેસાઈ (૬) મંજુલાબેન કાનજીભાઈ દેસાઈ (૭) કાંતાબેન કાનજીભાઈ દેસાઈ (૮) મુકતાબેન ઉર્ફે રસીલાબેન કાનજીભાઈ દેસાઈ (૯) શારદાબેન કાનજીભાઈ દેસાઈએ કરી આપેલ ઉપરોકત બિનઅવેજી ફારગતી લેખથી અમારા અસીલશ્રીનાં સ્વતંત્ર નામે ગામ નમૂના નં. ૨ પર આવેલ છે. ઉપરોકત મિલ્કત બિનઅવેજી ફારગતી લેખનાં કર્તાનાં પિતાશ્રી કાનજીભાઈ ભગવાનભાઈ દેસાઈએ (૧) દેવકુંવરબેન છગનપરી ગૌસ્વામી (૨) ભાનુબેન છગનપરી ગૌસ્વામી (૩) મંગુબેન છગનપરી ગૌસ્વામી (૪) હંસાબેન છગનપરી ગૌસ્વામી (૫) ભગવતીબેન છગનપરી ગૌસ્વામીનાં કુલમુખત્યાર જયસુખપરી છગનપરી ગૌસ્વામી અને અંબાબેન પરશોતમગીરી ગૌસ્વામીનાં કુલમુખત્યાર અશ્વિનકુમાર કનૈયાલાલ આસર પાસેથી રજી. દસ્તાવેજ નં. ૧૦૫ તા. ૧૮/૦૧/૧૯૯૫નાં રોજ ખરીદ કરેલ. જે વેચાણ દસ્તાવેજ અંગેના કુલમુખત્યારનામા સદરહું રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતા.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૧૮/૦૫/૨૦૨૩
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

કે.વી. કેશરીયા
એડવોકેટ



## જાહેર નોટિસ

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, મુ. બગસરા**

નં.એમએજી/વશી/રજીનં.૪૫/૨૩
તા. ૧૫/૦૫/૨૦૨૩

અરજદાર : શ્રી ભુપતભાઈ પરબતભાઈ બાબરીયા
ઠે. મુ. ખારી, તા. બગસરા, જિ. અમરેલી.

**અરજદારશ્રીના વકીલ યોગેશ ડી. દવે**
ઠે. શારદા શોપીંગ સેન્ટર, શોપ નં. ૪૬, મુ. મોટી કુંકાવાવ, તા. વડીયા, જિ. અમરેલી.

**// વિરૂધ્ધ //**

સામાવાળા : જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
–વ–
તલાટી કમ મંત્રી, મુ. ખારી, તા. બગસરા, જિ. અમરેલી.

**// નોટિસ //**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં બગસરા તાલુકાનાં ખારી ગામનાં રહીશ **શ્રી ભુપતભાઈ પરબતભાઈ બાબરીયા** એ તેમની દિકરી શ્રી નયનાબેન ભુપતભાઈ બાબરીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૮ના બગસરા તાલુકાનાં ખારી મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાણે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૪/૦૬/૨૦૨૩ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
બગસરા



## જાહેર નોટિસ

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, મુ. બગસરા**

નં.એમએજી/વશી/રજીનં.૪૫/૨૩
તા. ૧૫/૦૫/૨૦૨૩

અરજદાર : શ્રી રતીભાઈ લવજીભાઈ ઠુમ્મર
ઠે.મુ.વાવડી રોડ, તા. વડીયા, જિ. અમરેલી.

**અરજદારશ્રીના વકીલ યોગેશ ડી. દવે**
ઠે. શારદા શોપીંગ સેન્ટર, શોપ નં. ૪૬, મુ. મોટી કુંકાવાવ, તા. વડીયા, જિ. અમરેલી.

**// વિરૂધ્ધ //**

સામાવાળા : જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
–વ–
તલાટી કમ મંત્રી, મુ. વાવડી રોડ, તા. વડીયા, જિ. અમરેલી.

**// નોટિસ //**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં વડીયા તાલુકાનાં વાવડી રોડ ગામનાં રહીશ **શ્રી રતીલાલ લવજીભાઈ ઠુમ્મર** એ તેમની બહેન શ્રી કમુબેન હરીભાઈ ઠુમ્મરનો જન્મ તા.૨૨/૦૫/૧૯૫૨ના રોજ વડીયા તાલુકાનાં વાવડી રોડ મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાણે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૪/૦૬/૨૦૨૩ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
બગસરા



## જાહેર નોટિસ

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, મુ. બગસરા**

નં.એમએજી/વશી/રજીનં.૪૩/૨૩
તા. ૧૫/૦૫/૨૦૨૩

અરજદાર : શ્રી કમળાબેન મગનભાઈ કસવાળા
ઠે. ઠકકરબાપાનગર મુ. તા. જિ. અમદાવાદ.

**અરજદારશ્રીના વકીલ યોગેશ ડી. દવે**
ઠે. શારદા શોપીંગ સેન્ટર, શોપ નં. ૪૬, મુ. મોટી કુંકાવાવ, તા. વડીયા, જિ. અમરેલી.

**// વિરૂધ્ધ //**

સામાવાળા : જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
–વ–
તલાટી કમ મંત્રી, મુ. વાવડી રોડ, તા. વડીયા, જિ. અમરેલી.

**// નોટિસ //**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં બગસરા તાલુકાનાં નવા વાઘણીયા ગામનાં રહીશ **શ્રી કમળાબેન મગનભાઈ કસવાળા** એ તેમના દિકરા શ્રી અશ્વિનભાઈ મગનભાઈ કસવાલાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૩ના રોજ વડીયા તાલુકાનાં વાવડી રોડ મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાણે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૪/૦૬/૨૦૨૩ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
બગસરા



## જાહેર નોટિસ

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, મુ. બગસરા**

નં.એમએજી/વશી/રજીનં.૩૫/૨૩
તા. ૧૯/૦૪/૨૦૨૩

અરજદાર : શ્રી છગનભાઈ બાવાભાઈ સોંધરવા
ઠે. મુ.કુંકાવાવ નાની, તા. વડીયા, જિ. અમરેલી.

**અરજદારશ્રીના વકીલ યોગેશ ડી. દવે**
ઠે. શારદા શોપીંગ સેન્ટર, શોપ નં. ૪૬, મુ. મોટી કુંકાવાવ, તા. વડીયા, જિ. અમરેલી.

**// વિરૂધ્ધ //**

સામાવાળા : જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
–વ–
તલાટી કમ મંત્રી, મુ. નાની કુંકાવાવ, તા. વડીયા, જિ. અમરેલી.

**// નોટિસ //**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં વડીયા તાલુકાનાં નાની કુંકાવાવ ગામનાં રહીશ **શ્રી છગનભાઈ બાવાભાઈ સોંધરવા** એ તેમની પુત્રી શ્રી કંચનબેન છગનભાઈ સોંધરવાનો જન્મ તા.૧૨/૦૨/૧૯૭૭ના વડીયા તાલુકાનાં નાની કુંકાવાવ મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાણે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૫/૨૦૨૩ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
બગસરા



## જાહેર નોટિસ

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, મુ. બગસરા**

નં.એમએજી/વશી/રજીનં.૪૨/૨૩
તા. ૧૫/૦૫/૨૦૨૩

અરજદાર : શ્રી વલ્લભભાઈ રામભાઈ સાકરીયા
ઠે. મુ.નવા વાઘણીયા, તા. બગસરા, જિ. અમરેલી.

**અરજદારશ્રીના વકીલ યોગેશ ડી. દવે**
ઠે. શારદા શોપીંગ સેન્ટર, શોપ નં. ૪૬, મુ. મોટી કુંકાવાવ, તા. વડીયા, જિ. અમરેલી.

**// વિરૂધ્ધ //**

સામાવાળા : જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
–વ–
તલાટી કમ મંત્રી, મુ. મોટી કુંકાવાવ, તા. વડીયા, જિ. અમરેલી.

**// નોટિસ //**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં બગસરા તાલુકાનાં નવા વાઘણીયા ગામનાં રહીશ **શ્રી વલ્લભભાઈ રામભાઈ સાકરીયા** એ તેમની કાકાની દિકરી શ્રી ચંપાગૌરી પ્રાગજીભાઈ સાકરીયાનો જન્મ તા.૦૧/૦૫/૧૯૬૭ના વડીયા તાલુકાનાં મોટી કુંકાવાવ મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાણે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૪/૦૬/૨૦૨૩ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
બગસરા

# લીલીયા મોટા તાલુકા પેન્શનર સમાજની મીટીંગ મળી






લીલીયા મોટા ખાતે તાલુકા પેન્શનર સમાજની સામાન્ય સભા યોજવામાં આવેલ. તેમાં તમામ તાલુકાના પેન્શનર ભાઈ–બહેનો હાજર રહ્યા. આ સામાન્ય સભામાં સંચાલનના પ્રમુખ તરીકે જિલ્લા પેન્શનર સમાજના પ્રમુખ રાજુભાઈ મહેતા હાજર રહ્યા હતા. તેઓએ સ્થળ પર પેન્શનરોના પ્રશ્નો ઉકેલ માટેની સમજણ આપેલી જિલ્લા તિજોરી અધિકારી ખાચરે ખાસ ઉપસ્થિત રહી પેન્શનરોને જરૂરી માર્ગદર્શન આપેલું. પેન્શનર સમાજના ૭૫ વર્ષના પેન્શનરોનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલું. પેન્શનરોને માર્ગદર્શન આપેલું કખય ના મેનેજર સુમિતકુમાર તથા પંડયા ભાઈ દ્વારા ૮૦ વર્ષના તમામ પેન્શનરનું સાલ ઓઢાડી સન્માન કરેલું. ટાટા કંપની તરફથી રોકાણ તથા લાઈફ વીમાનું માર્ગદર્શન અપાયેલને તેઓએ સમાજને ૫૫૧૧ રૂપિયા ભેટ સ્વરૂપે આપેલા લીલીયા તાલુકાના હોદ્દેદારો તથા કારોબારી સભ્યોએ સભાની સુંદર વ્યવસ્થા ગોઠવણ કરેલી. સભાના તમામ પેન્શનરો માટે ભોજનના દાતા તરીકે હંસાબેન તથા હિતેશભાઈ કારિયાએ અમૂલ્ય યોગદાન આપેલ સૌ પેન્શનરો ભોજન કરી છુટા પડેલા જેમાં લીલીયા પેન્શનર સમાજના પ્રમુખ ભરતભાઈ ત્રિવેદી તથા મંત્રી ભાનુભાઈ કાલાવડીયા, ખાંભા તાલુકાના પ્રમુખ નાગરદાસ, લાઠી તાલુકા પેન્શનર સમાજના પ્રમુખ ભાલાળા ઉપસ્થિત રહેલ.

### એક પ્રતિનિધિ મંડળે ઉચ્ચ અધિકારીને રજુઆત કરી

## ચિત્તલ : જશવંતગઢ ગામે અનુ.જાતિને ફાળવેલ પ્લોટમાં ઉંડા ખાડા કરી દેવાતા નારાજગી

### ગામ પંચાયતનાં શાસકો સામે ગંભીર આક્ષેપોથી ચકચાર

અમરેલી, તા. ૧૮

આજ રોજ અમરેલી જીલ્લા કલેકટર, જીલ્લા વિકાસ અધિકારી, જીલ્લા પોલીસ અધિક્ષક, અને તાલુકા વિકાસ અધિકારીને જશવંતગઢ ગામના ગામતળ ની જમીનના મુદ્દે એક સ્થાનિક અનુસૂચિત જાતિના લોકોનું પ્રતિનિધિ મંડળ રજુઆત કરવા ગયેલ

જેમાં જશવંતગઢ ગામે અનુસૂચિત જાતિના લોકો માટે સરકારએ ૧૦૦ ચો.વારના પ્લોટ માટે ફાળવેલ જમીન પર સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા ઊંડા ખાડા કરી જમીન પરની માટીની ગેરકાયદેસર હેરાફેરી કરી ગેરકાયદેસર કૃત્ય સામે કાનૂની રીતે કાયદેસર પગલા ભરવા બાતે લેખિતમાં આવેદનપત્ર સ્વરૂપે અરજી આપી રજૂઆત કરવામાં આવેલ હતી.

જશવંતગઢ ગામના ડેલિગેશન દ્વારા કરવામાં આવેલ રજૂઆતમાં ઉપરોક્ત અધિકારીઓને સંબોધીને જણાવેલ કે સમગ્ર અનુસૂચિત જાતિ સમાજ, જશવંતગઢ ગામ ડો. આંબેડકર કોલોની ખાતે રહીએ છીએ અને મહેનત મજુરી કરી અમારૂ ગુજરાન ચલાવીએ છીએ. અમો તમામ અનુસુચિત જાતિના લોકો છીએ અને અમો જશવંતગઢ ગામે રહીએ છીએ.

૧) અમરેલી તાલુકાના જશવંતગઢ ગામે અનુસુચિત જાતિના લોકોને સરકારએ મફતમાં ૧૦૦ ચો.વાર.આપવા માટે ફાળવેલ છે. જેમાં ૨૦ કરતા વધારે લોકોના મફત પ્લોટ મંજુર કરવામાં આવેલ છે. (૨) સરકારશ્રીએ ફાળ વેલ જમીનમાં આજથી બારેક દિવસ પહેલા સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા ગેરકાયદેસર રીતે જેસીબી મશીનથી જમીન ઉખાડી નાખી, ટ્રેકટરોથી ગેરકાયદેસર માટીની હેરાફેરી કરી ઈરાદાપૂર્વક અનુસૂચિત જાતિના લોકોને ફાળવવામાં આવેલ જમીન પર જમીનમાં ઊંડા ખાડા કરી, માટી ગેરકાયદેસર લઈ જઈ, ખોદાણ કરી, સરકારી સંપદાને નુકશાન કરવાનુ અને અનુસૂચિત જાતિના લોકોને ફાળવેલ જમીન પર ગેરકાયદેસર રીતે જેસીબી ચલાવી જમીન તહસ નહસ કરી નાખેલ છે. જેની જાણ અમોએ સબંધિત વિભાગોમાં લેખિત અને ટેલીફોનીક રીતે કરેલ છે. (૩) જશવંતગઢ ગામમાં રહેતા અનુસૂચિત જાતિના લોકો માટે સરકારે ફાળવેલ જમીનમાં જશવંતગઢ ગ્રામ પંચાયત દ્વારા ભયંકર નુકશાન કરવામાં આવેલ છે. અમોને કયારેય પણ આ ગરીબ વર્ગના લોકોને ૧૦૦ ચો.વારના મફત પ્લોટના મળે તેવી રીતે ષડયંત્ર કરી જેસીબી જમીન ઊંડી ખોદી નાખી, મોટા ખાડા કરી અમોને રહેણાંક હેતુ માટે પ્લોટ મળે તેવી જમીન રહેવા દીધી નથી. (૪) જશવંત ગામે અમો અનુસુચિત જાતિના લોકોને ફાવેલ જમીન પર જેસીબી / બુલડોઝર ચલાવી સરકારી જમીન પરથી ગેરકાયદેસર માટી ઉસેટી, માટીની ચોરી કરી ખેતરોમાં અને અન્ય જગ્યાએ વેચી દીધેલ છે અને સરકારી જમીનમાં પારાવાર નુકશાન કરેલ છે. અમોને જમીન ન મળે તે માટે ષડયંત્ર કરી જમીનમાં ઊંડા ખાડા કરી નાખેલ છે. (૫) અનુસૂચિત જાતિના લોકો માટે સરકારએ ફાળવેલ જમીન પર ગેરકાયદેસર રીતે આવું. કૃત્ય આઈપીસી અને એટ્રોસિટી એકટ હેઠળ, તેમજ લેન્ડ રેવન્યુ કોડ અને પંચાયત અધિનિયમ ૧૯૯૩ની જોગવાઈઓનો ભંગ થયેલ છે અને તે કાયદાની જોગવાઈઓ હેઠળ ગુનો બને છે, જેથી ગુનેગારો સામે કાર્યવાહી કરવી જરૂરી છે. (૬) અનુસૂચિત જાતિના લોકો માટે ફાળવેલ જમીનમાંથી ગેરકાયદેસર માટી કાઢી બારોબાર વહીવટ કરી નાખેલ છે. આ કૃત્ય ગુનો બને છે જેના માટે જવાબદાર ગુનેગારો સામે અનુસુચિત જાતિ અને અનુસુચિત જન જાતિ (અત્યાચાર અટકાવ) સુધારા અધિનિયમ – ૨૦૧૫ની કલમ ૩(૧)(જી)(એફ), હેઠળ સરકાર તરફે સરકારી અધિકારી દ્વારા ગુનો નોંધાવવામાં આવે. (૭) સ્થાનિક ગ્રામ પંચાયત સામે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૫૭(૧), ૫૯(૧) મુજબ કાર્યવાહી કરવામાં આવે અને ફોજદારી તેમજ ખાતાકીય પગલા ભરવામાં આવે.(૮)અહી જે જમીનમાં ખાડા કરેલ છે તે સ્થળ, શીતળ ા માતાના મંદિર પાસે, સરકારી બગીચાની બાજુમાં,જશવંતગઢ ખાતે આવેલ છે.(૯) અમરેલી જિલ્લામાં ખુલ્લે આમ કાયદાના ધજાગરા ઉડયા હોય તેવો ઘાટ ઘડાયો છે, જેમાં જશવંતગઢ ગામે કોઈપણ જાતના ડર વગર અનુસૂચિત જાતિના લોકોના માટે ૧૦૦ ચો. વાર પ્લોટ વિના મુલ્યે મળે તે માટે ફાળવેલ જમીન પર સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા જેસીબી ચલાવી જમીનમાં ઊંડા ખાડા કરી, માટી ગેરકાયદેસર રીતે ટ્રેકટરોમા ભરી ગેરકાયદેસર નિકાલ કરી નાખી, અનુસૂચિત જાતિના લોકોને મફત પ્લોટ ન મળે તે માટેનું ષડયંત્ર કરી ગ્રામ પંચાયતે જમીન પર બુલડોઝર ફેરવી દીધું છે. (૧૦) અનુસૂચિત જાતિ વર્ગના લોકો માટે સરકારે ૧૦૦ ચો. વારના મફત પ્લોટ માટે ફાળવેલ જમીન પર સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા જેસીબીથી માટી ખોદી, મોટા ખાડા કરી માટી ટ્રેકટર દ્વારા ગેરકાયદેસર હેરાફેરી કરી સરકારી સંપદાને નુકશાન કરનાર તેમજ અનુસૂચિત જાતિના લોકોને મફત પ્લોટ માટે ફાળવેલ જમીન પર ઊંડા ખાડા કરી અનુસૂચિત જાતિના લોકોને જમીન ન ફાળવાય, અહીં પાણી ભરાય, જમીન રહેવા લાયક જ ન રહે, ઊંડા ખાડા કરતા જમીન પ્લોટ આપવા માટે અયોગ્ય બને આવું અનુસૂચિત જાતિના વિરૂદ્ધમાં ષડયંત્ર કરી ગેરકાયદેસર કૃત્ય કરનાર લોકો સામે ફોજદારી કાર્યવાહી થવા અરજ કરીએ છીએ.(૧૧) આજ રોજ સાડા બાર વાગે અમરેલી તાલુકા પંચાયતમાંથી આવેલ ટીમ તરફથી જેમાં ૧) ઈન્ચાર્જ આસિસ્ટન્ટ તાલુકા વિકાસ અધિકારી,૨) વિસ્તરણ અધિકારી અને ૩)જશવંતગઢ ગામના તલાટી કમ મંત્રી,સભ્ય હતા તેઓ સ્થળ પર આવી અમોને ગેરમાર્ગે દોરી,સત્યથી વેગળું, ખોટું, બોગસ, હકીકતથી વિપરીત, સરકારી માટી ચોર, સરકારે અનુસુચિત જાતિના લોકોને ફાળ વેલ જમીન પર જેસીબી ચલાવનાર લોકોને બચાવવા માટે, જવાબદાર પંચાયતના પદાધિકારીઓને બચાવવા, આ ગુનામાં સંડોવાયેલ ગુનેગારોને બચાવવા માટે કુલડીમાં ગોળ ભાંગી નાખવા જેવું કામ કરી અમને વાંચ્યા/વંચાવ્યા કે જોવા દીધેલ નહી અને અમારા નામે કોરા કાગળમાં સહીઓ કરાવી ખોટું પંચનામું અમોને કાગળો બતાવ્યા વગર સહીઓ કરાવી કરી જતા રહેલ છે.(૧૨) અમારી માંગણી છે કે અમોને ન્યાય માટે તે માટે અમારા બંધારણીય અને માનવ અધિકારોના રક્ષણ માટે ઉપરોક્ત બનાવમાં તાત્કાલિક નિષ્પક્ષ કાર્યવાહી કરવામાં આવે અને ગુનેગારોને સજા કરવામાં આવે તેમજ આ બાબતે યોગ્ય અને ન્યાયી અને નિષ્પક્ષ કાર્યવાહી થવા વિનંતી છે. આ મુદ્દાની જીલ્લા કક્ષાએ રજૂઆત કરવા માટે ડેલિગેશનમાં સામાજિક આગેવાનો સામેલ થયા હતા જેમાં સામાજિક ન્યાય સમિતિના માજી ચેરમેન, માવજીભાઈ ખોડાભાઈ પરમાર, રિટાયર્ડ કર્મચારી, અમરશીભાઈ પ્રેમજીભાઈ પરમાર, મનસુખભાઈ રૂડાભાઈ પરમાર અને પ્રવીણભાઈ નાથાભાઈ પરમાર સહિતનાઓ સામેલ થયેલ હતા તેમ માનવ અધિકારી કાર્યકર્તા કાંતિલાલ પરમારની અખબારી યાદી જણાવે છે.

## સાવરકુંડલા મીશન લાઈફ અંતર્ગત સાઈકલ રેલી યોજાઈ



સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા સામાજીક વનીકરણ રેન્જ દ્વારા મિશન લાઈફ અભિયાન અંતર્ગત આજરોજ સાવરકુંડલા વન વિભાગની ઓફીસથી કાનાવાવ નર્સરી સુધી પર્યાવરણ જાગૃતિ માટે જાગૃત નાગરિકો, બાળકો, વી.પી.સી.ટી ના મિત્રો તથા સામાજીક વનીકરણ રેન્જ સ્ટાફ દ્વારા સાઈકલ રેલી કાઢ વામાં આવી હતી.

આ રેલીમાં પર્યાવરણ બચાવો, જળ બચાવોના સુત્રોચ્ચાર સાથે સાઈકલ રેલી કાઢવામાં આવી હતી. આ રેલીમાં ઉપસ્થિત તમામ લોકોએ પર્યાવરણ બચાવવા, વીજળીનો ઓછો વપરાશ કરવો, પેટ્રોલ બચાવવા પબ્લીક ટ્રાન્સપોર્ટનો વધુ ઉપયોગ કરવો, પાણીનો વધુ પડતો વપરાશ અટકાવવો, વધુમાં વધુ વૃક્ષો વાવવા જેવી પર્યાવરણ સંરક્ષણની કામગીરી સાથે આપણું જીવન અનુકૂળ કરવા પહેલ કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા વન વિભાગ (વિસ્તરણ રેન્જ)નો સ્ટાફ તેમજ સહયોગી સંસ્થા વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટની ટીમ ખડે પગે હાજર રહી હતી એમ વિસ્તરણ રેન્જના આર.એફ.ઓ બી.ડી. ચાંદુની યાદીમાં જણાવેલ છે.

## અમરેલીમાં ગરીબ પરિવારોની રોજીરોટી છીનવવાનો પ્રયાસ ન કરો : કાતરીયા

અમરેલી, તા. ૧૮

અમરેલી મુકામે આગામી ૨૩ તારીખે દબાણ હટાવ ઝુંબેશ શરૂ થવાની હોય તો શું અમરેલી નગરપાલિકા નિસ્પક્ષ રીતે કાર્યવાહી કરશે કે ખાલી લારી, ગલ્લા, પાથરણા વાળા જે રોજે રોજનું કમાતા હોય અને પોતાનું ગુજરાન ચલાવતા હો એ લોકોને હટાવવામાં આવશે નગરપાલિકા દ્વારા દસ હજાર અને વીસ હજારની લોન આપવામાં આવી છે. અને આ લોન ફકત લારી ગલ્લાં અને પાથરણાવાળાને આપવામાં આવી છે જો આ લોકોને હટાવવામાં આવશે તો હપ્તા ભરવા મુશ્કેલ થઈ જશે. લોકોની એવી રજૂઆત છે કે, અમારી સાથે ન્યાય થાય તેવી ગરીબ લોકોની માંગણી છે. અગાઉ અમરેલી મુકામે દબાણ હટાવ આવેલ ત્યારે રાજકીય લોકોએ તે અટકાવેલ તો શું અત્યારનાં સાંસદ અને ધારાસભ્ય લોકોનાં હિતમાં કાર્યવાહી કરે તેવી લોકોની માંગણી છે. તેમ ભરત કાતરીયા સામાજિક આગેવાને જણાવેલ છે.

### ડો. દિગંત શિકોતરા, ડો. શિંગાળા, ડો. કોલડિયાની ટીમ રંગ લાવી

## અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલમાં થેલેસેમિયા રોગ ગ્રસ્ત બાળકની સફળ સારવાર

### સંસ્થાનાં ચેરમેન અને એમ.ડી.એ અભિનંદન પાઠવ્યા




અમરેલી, તા. ૧૮

થેલેસેમિયા રોગ ગ્રસ્ત અને નાની ઉંમરથી ટાઈપ ૧ ડાયાબિટીસથી પીડાતા ૧૩ વર્ષનાં હાર્દિક પડસરિયાને નાનપણથી દર મહિને લોહી ચડાવવું પડતું હતું. ઉંમર વધતા થેલેસેમિયાનાં કારણે તેના લિવર અને બરોળ મોટા થતાં અને લોહી ચડાવવાની જરૂરિયાત વધતા તેઓ શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલીમાં સારવાર લઈ રહ્યા હતા. લોહીની જરૂરિયાત વધતા જોઈ ઓપરેશન માટે સર્જીકલ અભિપ્રાય લેતા ડો. દિગંત શીકોતરા ધ્વારા Spleenectomy જેવી જટિલ સર્જરીની જરૂરિયાત જણાઈ હતી. જે સર્જરી માટે અત્યાર સુધી અમદાવાદ જેવા મોટા શહેરમાં જવું પડતું હતું. પરંતુ અમરેલી ખાતે શાંતાબા મેડિકલ કોલેજ અને જરલ હોસ્પિટલ ખાતે અનુભવી સર્જન ડો. દિગંત શિકોતરા તથા ડો. ચેતન અહેરાલ, ડો. ભાર્ગવ શિંગાળા, ડો. ગૌરાંગ કોલડિયાની ટીમે તથા એનેસ્થેસિયહના ડો. રવિ પરમાર અને ડો. જગદીશ મેર સાથે રહી સફળતાપૂર્વક આ જટિલ ઓપેરશન કર્યુ હતું. ઓપરેશન બાદ આઈસીયુમાં ડો. વિજય વાળા તથા ડો. પ્રદીપ બારૈયાની દેખરેખ હેઠળ દર્દીને રાખવામાં આવેલ હતા.

Spleenectomy જેવી જટિલ સફળતાપૂર્વક પાર પાડવાના સહિયારા પ્રયાસ બદલ સંસ્થાના ચેરમેન વસંતભાઈ ગજેરા તથા મેનેજિંગ ડીરેકટર ડો. એકતા ગજેરાએ તમામ ડોકટર ટીમન અભિનંદન પાઠવ્યા હતા.

### કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને

## જિલ્લા સંચારી રોગ સર્વેક્ષણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ

### સંચારી રોગ, વોટર બોર્ન, વેકટર બોર્ન ડિસીઝ ઉપરાંત કોવિડ–૧૯ રસીકરણ વિષયક વિસ્તૃત ચર્ચા થઈ

અમરેલી તા.૧૮

જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને જિલ્લા સંચારી રોગ સર્વેક્ષણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં સંચારી રોગ, વોટર બોર્ન, વેક્ટર બોર્ન ડિસીઝ ઉપરાંત કોવિડ–૧૯ રસીકરણ વિષયક વિસ્તૃત સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. મચ્છરજન્ય રોગચાળો ન ફેલાય તે માટે નિયમિત રીતે પાણીના કલોરીનેશન કામગીરી બાબતે જિલ્લા કલેકટરએ સૂચના આપી હતી. જિલ્લામાં હાલની પરિસ્થિતિએ સંચારી રોગની દ્રષ્ટિએ કોઈ રોગચાળો ફેલાયેલો નથી. હાલમાં પૂરતા પ્રમાણમાં કલોરિનેશન માટે ટેબ્લેટ સહિતનો સ્ટોક ઉપલબ્ધ છે. હાલમાં પાણીજન્ય રોગચાળો પણ નોંધાયેલ નથી. જિલ્લામાં વિવિધ વિભાગો દ્વારા શહેરી અને ગ્રામ્ય કક્ષાએ વાહકજન્ય રોગ અટકાયતી પગલા જેમ કે, સફાઈ ઝુંબેશ ચલાવવી અને મોનિટરિંગ, પાણીની પાઈપલાઈન રીપેરિંગ, કોમન પ્લોટમાં અને અન્ય જગ્યાએ પાણી ભરાતુ અટકાવવું, મચ્છર ઉત્પત્તિ સ્થાનોને દૂર કરવા, ડોર ટુ ડોર વેસ્ટ કલેકશન, શાળ ાઓમાં આરોગ્ય વિષયક પ્રદર્શનોના માધ્યમથી બાળકોને રોગ કેવી રીતે ફેલાઈ તેની સમજ આપવી, જન જાગૃત્તિ અભિયાન વગેરે પ્રકારની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવતી હોય છે. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ.જોષી, જિલ્લાના તમામ તાલુકા હોલ્થ ઓફિસરો, નગરપાલિકાના ચીફ ઓફિસરોના પ્રતિનિધિ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીનાં રોકાણકારોનાં અતિ વિશ્વાસું અશ્વિન પંડયાનાં જન્મદિનની ઉજવણી






અમરેલીમાં છેલ્લા ઘણા સમયથી રોકાણકારોમાં વિશ્વા સંપાદન કરીને સુનિયોજીત કામ કરતાં અશ્વિનભાઈ પંડયાનો ગત–૧૭/૦૫/૨૦૨૩, બુધવારનાં દિવસે ૬૦માં વર્ષમાં મંગલ પ્રવેશ તથા લગ્નવર્ષગાઠ, ૩૮માં વર્ષમાંથી ૩૯માં લગ્નવર્ષ ગાંઠની ઉજવણી તેમનાં રોકાણકારોનાં ફેમિલી સોથ રંગેચંગે સુર્યાગાર્ડન ખાતે ઉજવેલ હતી. જેમાં કેર હેલ્થ ઈન્સ્યોરન્સનાં વેસ્ટ ઝોનનાં મેનેજર ધવલ ભટ્ટ તથા એચ.ડી.એફ.સી.મેડીકલેઈમ, ઈન્સ્યોરન્સ, મ્યુશ્યલ ફંડ વિવિધ યોજનાઓ માટે સીનીયર સીટીઝન લોકો માટે સુદ્રઢ, સરળ, સુનિશ્ચિત સેવા આપતા અમરેલીના અશ્વિન પંડયાના જન્મ, લગ્ન દિવસ, મ્યુશ્યલ ફંડ બ્રાન્ચ મેનેજર ભાવેશ ચોપડા તેમજ તેમનું ફેમેલી ઉપસ્થિત રહેલ જેમાં સાથે બહોળી સંખ્યામાં ગ્રાહક પરિવાર પણ હાજર રહેલ હતા.

હવે રાધિકા હોસ્પિટલમાં વાહન અકસ્માત (એક્સિડન્ટ) થયેલ ફેકચરોનાં ઓપરેશનો તદ્દન મફતમાં...
ઓર્થોપેડીક વિભાગ મુખ્યમંત્રી માં અમૃતમ (વાત્સલ્ય) કાર્ડ તથા પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત કાર્ડમાં હવે ઘુંટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીનાં ઓપરેશન તદ્દન મફતમાં
ડૉ. અંકિત ગાબાણી
એમ.એસ.(ઓર્થો). એમ.બી.ડી. (ઓર્થો)
કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક,
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ સ્પાઈન સર્જન
ટ્રોમા કેર
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી
સ્પાઈન સર્જરી
ઈલીઝારોવ સર્જરી
ઓર્થોસ્કોપી
- દરેક પ્રકારનાં હાડકાનાં ફેકચરની અદ્યતન સારવાર - ઘુંટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી (TKR,THR,TRR) - કમરનાં મણકાની ગાદીનાં દુખાવા, કમરનાં મણકાનાં ફેકચરના ઓપરેશન
- હાડકાની રસી તથા ટુંકા પગ લાંબા કરવા માટે રશીયન ટેકનોલોજીથી ઈલીઝારોવ ઓપરેશન - ઘુંટણ અને ખભાની ગાદીનાં ઓપરેશન - જન્મજાત ખોડખાપણવાળા બાળકોના ઓપરેશન.
ઈમર્જન્સી સારવાર ૨૪ કલાક | નિદાન ફી માત્ર રૂ.૫૦/-
પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજનાના કાર્ડ ધારકોને મફત ઓપરેશન
NCT NETRA CHIKITSA TRUST
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
રાધિકા મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ચિતલ રોડ, દત મંદિર પાસે, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪

## નવી દિલ્હીનાં જંતરમંતર ઉપર ન્યાય માંગતી દીકરીઓને ન્યાય આપીને

# દેશમાં "બેટી બચાવો" સુત્રને સાર્થક કરવું જરૂરી

**ભારત દેશનું નામ સમગ્ર વિશ્વમાં રોશન કરનાર મહિલા પહેલવાનોને ન્યાય આપવામાં વિલંબ કરવો તે યોગ્ય નથી**

**એક સાંસદને બચાવવા માટે સમગ્ર કેન્દ્ર સરકાર લાગી જાય તે ઘટના અતિ દુઃખદાયક**

**દેશનાં મહિલા મંત્રી સ્મૃતિ ઈરાની પણ એકપણ શબ્દ બોલતા નથી તેથી આશ્ચર્ય**

**દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશને ગૌરવ અપાવનાર દીકરીઓને ન્યાય આપવો જરૂરી**








અમરેલી, તા. ૧૮

આજથી ૧૦–૧૧ વર્ષ પહેલા નવી દિલ્હી ખાતે થયેલ નિર્ભયાકાંડ બાદ યુપીએ સરકાર સામે તે વખતે વિપક્ષમાં રહેલ ભાજપ અને ગુજરાતનાં મુખ્યમંત્રીએ આકરી પ્રતિક્રિયા આપી હતી અને બાદમાં સમગ્ર દેશમાં ભાજપ ધ્વારા "બેટી બચાવો બેટી પઢાઓ" સુત્ર ઘર–ઘર જાણીતું બનાવી દેવામાં આવ્યું હતું.

આજે દેશમાં ભાજપનું શાસન હોય તેવા જ સમયે સમગ્ર વિશ્વમાં ભારતનું નામ રોશન કરનાર મહિલા પહેલવાનો યૌન શોષણની ફરિયાદને લઈને ન્યાય માંગી રહ્યા હોય તેવા સમયે કેન્દ્ર સરકાર તરફથી કોઈ પ્રતિક્રિયા મળતી નથી. જાન્યુઆરી મહિનાથી શરૂ થયેલ ન્યાયની માંગ આજે ૪ મહિના પછી પણ પૂર્ણ થઈ નથી.

શરૂઆતમાં નવી દિલ્હી પોલીસે ફરિયાદ લેવામાં ઠાગાઠૈયા કર્યા કારણ કે આરોપી તરીકે ભાજપનાં

અનુસંધાન પાના ૬ ઉપર

### પુર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે ધીરેન્દ્ર શાસ્ત્રીને પત્ર પાઠવ્યો

## આપની દિવ્ય શકિતથી ખેડૂતોને કપાસનો ભાવ રૂપિયા ૨૪૦૦ કયારે મળશે તે જણાવો

**મધ્યપ્રદેશ ખાતે આવેલ બાગેશ્વરધામ ખાતે પત્ર પાઠવ્યો**



અમરેલી, તા. ૧૮

સાવરકુંડલાનો પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે ધીરેન્દ્ર શાસ્ત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ગુજરાત એક આસ્થામાં માનનાર રાજય છે. જેમાં ધાર્મિક સાધુ સંતોને સાથે રાખીને ગુજરાતની જનતાને આ સરકાર ધર્મની વાતો કરી શાસન કરી રહયા છે. ત્યારે આપ પણ ગુજરાતમાં પધારી રહયા છો, ત્યારે ગુજરાતનાં એક નાગરિક તરીકે આમ જનતા તથા ખેડૂતો, મધ્ય વર્ગનાં ગરીબ લોકો વતી આપની સમક્ષ તેમની વેદના રજુ કરી રહયો છું કે વર્ષ–૨૦૧૬માં ડીઝલ, પેટ્રોલ, બિયારણ, ખાતર, તેમજ જીવન જરૂરીયાત ચીજ વસ્તુઓનાં ભાવો આજનાં કારતો ૫૦% ઓછા હતા. વડાપ્રધાન દ્વારા વર્ષ–૨૦૧૬માં કહયું હતું કે વર્ષ – ૨૦૨૨માં ખેડૂતોને હું બમણી આવક કરાવી આપીશ

અનુસંધાન પાના ૬ ઉપર

### બગસરા નજીક આવેલ

## શિલાણા ગામે બાઈક ઉપર વિદેશી દારૂની હેરફેર કરતાં ઈસમની પોલીસે અટકાયત કરી

અમરેલી, તા. ૧૮

બગસરા તાલુકાનાં શિલાણા ગામે રહેતા રણજીતભાઈ મનુભાઈ વાળા પોતાના હવાલાવાળા બાઈક નં. જી.જે.–૧૪ એપી ૪૩૨૮ ઉપર વગર પાસ પરમીટે વિદેશી દારૂની બોટલ નંગ–૧૩ કિંમત રૂા. ૩૭૫૭ લઈને નીકળતા પોલીસે મોટર સાયકલ સહિત કુલ રૂા. ૨૩૭૫૭નાં મુદામાલ સાથે તેમને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓ ધ્યાન આપે

## સાવરકુંડલાનાં વીજપડી નજીકનાં પુલની દીવાલ ગમે તે ઘડીએ અકસ્માત નોતરશે

**યુધ્ધનાં ધોરણે રીપેરીંગ કરવામાં આવે તેવી માંગ**



સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે એન્ટર થતાં જ પૂલ આવેલ છે જયાંથી પુષ્કળ પ્રમાણમાં વાહનો પણ પસાર થતા હોય છે, પશુઓ પણ પસાર થતા હોય છે અને આ પુલની હાલત કયારેક અકસ્માત નોતરશે તેવી હાલતમાં છે. ઘણા સમય પહેલા એક બાળક પુલ પરથી નીચે પડેલ પરંતુ સદનસીબે બચાવ થયો હતો. આવી ઘટના બનવા છતાં તંત્રની આંખ હજી સુધી ઉઘડતી નથી. કોઈ મોટી જાનહાની થાય એ પહેલા તંત્ર દ્વારા આ પુલની દીવાલ રીપેર કરવામાં આવે. વળી આ પુલની બાજુમાં ભયજનક વળાંક છે જયાં વળાંકમાં ડિવાઈડર પણ નથી તો તાત્કાલિક ધોરણે આ રીપેરીંગ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. એમ અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

### અમરેલીના પુર્વ સાસંદ વિરજી ઠુંમરે રેલ્વે મંત્રીને પત્ર પાઠવ્યો

## હરિદ્વાર–અમદાવાદ વચ્ચેની યોગા એકસપ્રેસ ટ્રેનને વાયા અમરેલી (ચિતલ) થઈને સોમનાથ સુધી લંબાવો

**જિલ્લાની જનતાને ગાંધીનગર અને નવી દિલ્હીની સુવિધા પણ મળી રહે**



અમરેલી, તા. ૧૮

અમરેલીનાં પુર્વ સાસંદ વિરજી ઠુંમરે રેલ્વે મંત્રી દર્શનાબેન જરદોશને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે,અમદાવાદ– હરીદ્વાર રોજ ચાલતી ટ્રેનને ચારધામનાં બે મહત્વનાં સ્થળ સોમનાથ સુધી લંબાવી અમદાવાદ ગ્રામ્ય, બોટાદ, ભાવનગર, અમરેલી, રાજકોટ, જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાનાં યાત્રાળુઓને આ ટ્રેનનો લાભ આપવા માટે લંબાવી રોજ ચલાવવામાં આવે તો આ જિલ્લાઓને અમદાવાદ ગુજરાતનું મુખ્ય મંથક અને રાજયની રાજધાની ગાંધીનગરને પણ રોજે–રોજ લાભ મળી શકે તેમ છે. આ બાબતે અમરેલી જિલ્લાના એક કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી પુરૂષોતમભાઈ રૂપાલા સાથે ચર્ચા કરતા તેઓએ પણ આવો લાભ આપવાથી અમરેલી જિલ્લા અને ઉપર જણાવેલ જિલ્લાઓને ફાયદો થઈ શકે તેમ છે. તેવું સ્વીકારેલ. અગાઉનાં સમયમાં સોમનાથ મેલ, સોમનાથ – જુનાગઢ – જેતલસર (જં) થી કુંકાવાવ ઢસા–ધોળા, બોટાદ–ધંધુકા– ધોળકા વાયા ગાંધીગ્રામ સાબરમતી અમદાવાદ ચાલતો હતો. તે મીટરગેજ બ્રોડગેજમાં રૂપાંતરીત થયેલ છે. જેતલસર કુંકાવાવ ધોળા, ભાવનગર પેસેન્જર ટ્રેન પણ દેશનાં વડાપ્રધાનએ લીલી જંડી આપી શરૂ કરાવેલ છે. યોગા એકસપ્રેસ અમદાવાદ આવીને પડી રહે છે. તેને સોમનાથ સુધી લંબાવવામાં આવે તો આ જિલ્લાઓનાં પેસેન્જરોને રાજયની રાજધાની ગાંધીનગર, રાજસ્થાન રાજય, દિલ્હી તેમજ હરી દ્વાર ખુબ જ મોટા પ્રમાણમાં લાભ મળી શકે તેમ છે. આ બાબતે આપનાં લેવલેથી સર્વે કરાવી અને આ ટ્રેનનો લાભ આપશો. તેમ અંતમાં જણાવેલ છે.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૯૨

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
જેનામાં નિર્ણય લેવાની શક્તિ નથી, તે જ્યાં જાય ત્યાં સમસ્યા સર્જે છે.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

### દર્દી નારાયણની સેવામાં રસ નથી

## કોટડાપીઠા ખાતે તબીબ વગર ઈન્ચાર્જથી ચાલતું આરોગ્ય કેન્દ્ર

**૧૪ જેટલા ગામોનાં દર્દીઓ પરેશાન**




કોટડાપીઠા, તા. ૧૮

બાબરા તાલુકાનાં કોટડાપીઠા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (પી.એચ.સી.) સરકારે લાખો રૂા.નાં ખર્ચે દવાખાનું તેમજ સારવાર માટે અદ્યતન સાધનો છે. પરંતુ ખાટલે મોટી ખોટ મુજબ હાલ આ પ્રા.આ. કેન્દ્રમાં બે ડોકટરની જગ્યા છે. જેમાં એક એમબીબીએસ ડોકટર તેમજ એક આયુર્વેદ (બીએચએએમ) ડોકટરની જગ્યા છે. તેમાં બંને ડોકટરની જગ્યા ઘણા સમયથી ડોકટરની બદલી થયા બાદ આ બંને ડોકટરની જગ્યા ખાલી છે. એમબીબીએસ ડોકટરની બદલી થયા બાદ અઠવાડીયામાં બે દિવસ ઈન્ચાર્જ ડોકટર આવે છે. જયારે આયુર્વેદ ડોકટરની જગ્યા ખાલી જ છે. હાલ આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નીચે–૧૪ ગામના લોકો સારવાર માટે આવતા હોવાથી અને પી.એચ.સી.માં કાયમી ડોકટર ન હોવાથી દર્દીઓ ભારે પરેશાની ભોગવી રહ્યાં છે. તો સંબંધિત ખાતા દ્વારા આ બન્ને ડોકટરોની ખાલી જગ્યા પુરવા માંગણી છે. જેથી વહેલી તકે દર્દીઓને આરોગ્ય વિષયક સરકારી લાભ મળે તો આરોગ્ય વિભાગ કોટડાપીઠા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વહેલી તકે બંને ડોકટરોની જગ્યા ભરે તેવી લોકોની માંગણી છે તેમજ રાજકોટ–ભાવનગર હાઈવે પર આવેલ આ કોટડાપીઠાનું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હોવાથી આ પ્રશ્ને વહેલી તકે યોગ્ય કરવા લોકમાંગણી છે

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)